CMYK

Website : www.rakhewaldaily.com    Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૦૪
તા.૨૦-૦૫-૨૦૧૮, રવિવાર
સંવત ૨૦૭૪ અધિક જેઠ સુદ - ૦૬
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૮ સૂર્યાસ્ત : ૦૭:૧૬

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૧.૧ | વડોદરા | ૪૧.૭ |
| અમદાવાદ | ૪૨.૪ | સુરત | ૩૪.૮ |
| ગાંધીનગર | ૪૨.૫ | નલિયા | ૩૬.૪ |

ચાંદી : ૪૦૩૦૦ સોનું : ૩૨૩૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ    પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭    જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# યેદી ફ્લોર પર ફસક્યા : સોમવારે કુમારસ્વામીના શપથ

## કર્ણાટકમાં વિશ્વાસ મત પહેલા જ મુખ્યમંત્રી તરીકે યેદીનું રાજીનામું : કોંગ્રેસની ચાલના કારણે રાજ્ય સૌથી પછાત રહી ગયું હોવાનો યેદીયુરપ્પાનો આરોપ

બેંગલોર

કર્ણાટકના નવા મુખ્યમંત્રી બનેલા યેદીયુરપ્પાના નેતૃત્વમાં ભાજપ સરકાર વિશ્વાસ મતની અડચણોથી પહેલા જ હાર માનીને પીછેહઠ કરી ગઈ હતી. યેદીયુરપ્પાએ એક ભાવનાશીલ ભાષણ આપ્યા બાદ વિશ્વાસ પ્રસ્તાવ પર વોટીંગ પહેલા જ રાજીનામું આપી દીધું હતું. પોતાના ભાષણમાં યેદીયુરપ્પાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્ણાટકની ખૂબ જ મદદ કરી છે. પોતાના ભાષણમાં યેદીયુરપ્પાએ કહ્યું હતું કે કદાચ પહેલા વખત કોઈ વડાપ્રધાને મુખ્યમંત્રી પદના ઉમેદવાર નક્કી કર્યા હતા. ૧૫મી મેના દિવસે મતગણતરી થયા બાદ અને પરિણામ જાહેર થયા બાદથી કર્ણાટકની રાજકીય ગરમીને લઈને દેશમાં જોરદાર રાજકીય ગરમી જામી હતી. યેદીયુરપ્પાના રાજીનામા બાદ હવે કોંગ્રેસ-જેડીએસના પોસ્ટ પોલ એલાયન્સ માટે રસ્તો સાફ થઈ ગયો છે. જેડીએસના કુમારસ્વામી કર્ણાટકના આગામી મુખ્યમંત્રી બનવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. રાજીનામું આપતા પહેલા ગૃહના ફ્લોર ઉપર યેદીયુરપ્પાએ ભાવનાશીલ નિવેદન કર્યું હતું. નવા ચૂંટાયેલા ગૃહમાં ભાજપની સામે પુરતી સંખ્યાના સભ્યો ન હતા. મુખ્યમંત્રી તરીકે તેઓ રાજીનામું આપવા જઈ રહ્યા છે તેમ કહેતા યેદીયુરપ્પાએ કહ્યું હતું કે તેઓ રાજભવન જશે અને રાજીનામું સુપરત કરશે. યેદીયુરપ્પાએ એમ પણ કહ્યું હતું કે તેઓ સમગ્ર કર્ણાટકમાં ફરશે અને લોકોનો વિશ્વાસ જીતવા માટે પ્રયાસ કરશે. તેમણે એમ પણ કહ્યું હતું કે અમને રાજ્યભરમાં જોરદાર પ્રેમ મળ્યો હતો. ૨૦૧૯ માટેની વાત કરતા તેમણે કહ્યું હતું કે અમે લોકસભાની તમામ ૨૮ બેઠકો પૈકી ૨૮ બેઠકો જીતીશું.

### સત્યમેવ જયતે : કુમારસ્વામી

કર્ણાટક ચૂંટણી પરિણામ આવ્યા બાદ બહુમતી પુરવાર કરવાના ઘટનાક્રમમાં ભાજપની હાર થયા બાદ હવે કોંગ્રેસ-જેડીએસ ગઠબંધનની સરકાર બનશે. સોમવારે બપોરે જેડીએસના નેતા કુમારસ્વામી મુખ્યમંત્રી તરીકેના શપથ લેશે. ભાજપ તરફથી યેદીયુરપ્પાએ રાજીનામું આપી દીધા બાદ ગઠબંધન સરકારનો માર્ગ મોકળો થયો હતો. કુમારસ્વામીના નેતૃત્વમાં એક ટીમ મોડેથી રાજ્યપાલને મળી હતી અને સરકાર બનાવવાનો દાવો કર્યો હતો. કર્ણાટકના રાજ્યપાલ વજુભાઈ વાળાને મળ્યા બાદ કુમારસ્વામીએ કહ્યું હતું કે અમને માહિતી છે કે બહુમતી સાબિત કરવા માટે અમારી પાસે પુરતા ધારાસભ્યો છે. તમામ ધારાસભ્યો શપથ ગ્રહણમાં હાજર રહેશે. રાજ્યપાલ સમક્ષ સરકાર બનાવવાનો દાવો કરી દેવામાં આવ્યો છે. સોમવારે શપથ ગ્રહણની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. તમામ સાથે ચર્ચા બાદ મંત્રીમંડળની રચના કરવામાં આવશે. રાજ્યપાલ તરફથી બોલાવવામાં આવ્યા બાદ અમે દાવો કર્યો છે. સોમવારે બપોરે ૧૨ વાગ્યાથી એક વાગ્યાની વચ્ચે શપથ ગ્રહણ કાર્યક્રમ ચાલશે. કુમારસ્વામીએ કહ્યું હતું કે તેઓ દેશની ન્યાય વ્યવસ્થાને અભિનંદન આપે છે. ન્યાયતંત્રના લીધે લોકશાહીની રક્ષા થઈ છે. અમે સહકાર આપી રહ્યા છીએ. તેઓએ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીનો પણ આભાર માન્યો હતો.

## કાળમુખા વધુ એક ટ્રકે મોતનુ તાંડવ સર્જતા આઘાતનું મોજુ

# ભાવનગર-અમદાવાદ હાઇવે પર ગમખ્વાર અકસ્માત : ૧૯નાં મોત

### સિમેન્ટ ભરેલ ટ્રક પલ્ટી ખાઇ જતા તમામના મોત : મૃત્યુ પામેલાઓમાં ૧૨ મહિલાઓ અને ત્રણ બાળકોનો સમાવેશ : ટ્રક ડ્રાઈવર પલાયન : ઉંડી શોધ

અમદાવાદ

ગુજરાતમાં ભાવનગર-અમદાવાદ હાઈવે પર આજે વહેલી સવારે થયેલા એક ગમખ્વાર અકસ્માતમાં ઓછામાં ઓછા ૧૯ લોકોના મોત થયા હતા અને સાત લોકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા સાત લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે તરત જ હાથ ધરવામાં આવી હતી. ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કાળમુખા વધુ એક ટ્રકે મોતનુ તાંડવ સર્જ્યુ હતુ. જેમાં ૧૯ શ્રમજીવી લોકોના મોત થયા હતા. વહેલી સવારે આ અકસ્માત થયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદ-વડોદરા તરફ જતી એક સિમેન્ટ ભરેલી ટ્રક એકાએક પલટી ખાઇ ગઇ હતી. જેના કારણે ભારે



અફડાતફડી મચી ગઇ હતી. ટ્રક પલટી ખાઇ જતા તળાજાના સરતાનપર ગામના શ્રમજીવી લોકો દટાઇ ગયા હતા.બનાવની જાણ થયા બાદ તરફ જ પોલીસ અધિકારીઓ તેમના કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. સાથે સાથે બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. અકસ્માત એટલે ગંભીર હતો કે ૧૮ લોકોના મોત ઘટનાસ્થળે જ થઈ ગયા હતા. જ્યારે અન્ય એક વ્યક્તિનુ મોત હોસ્પિટલમાં સારવાર દરમિયાન થયુ હતુ. અકસ્માતમાં ઘાયલ થયેલા સાત લોકોને સારવાર માટે ભાવનગરમાં સર ટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સરતાનપર ગામની મજુરોની ટુકડી આમાં શિકાર થઈ છે. પોલીસ અને ૧૦૮ સહિતની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી. મૃત્યુ પામેલા તમામ લોકો તળાજાના હોવાના હેવાલ મળ્યા છે.

## ભાજપની સરકારમાં જ ભાજપની પાલિકા અને તંત્ર આમને સામને

# ડીસામાં પાલિકા દ્વારા નવનિર્મીત બગીચાના લોકાર્પણ સામે કલેક્ટરનો મનાઈ હુકમ

ડીસા

બનાસકાંઠાના ડીસા ખાતે સ્થાનિક નગરપાલિકાએ હાઈવે પરના હવાઈ પિલર મેદાનની જગ્યા પર નવા સાર્વજનિક બગીચાનું નિર્માણ કરાવ્યું હતું અને પાલિકા પ્રમુખે આજે રવિવારે આ બગીચાનું મંત્રી પરબતભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવાની પણ જાહેરાત કરી દીધી હતી. જોકે ડીસા નગરપાલિકાએ સરકાર હસ્તકની જગ્યા પર દબાણ આચરી આ બગીચો બાંધી દીધો હોવાનું ચર્ચાસ્પદ બનતા સર્જાયેલા વિવાદ વચ્ચે જિલ્લા કલેકટરે આ બગીચાનું લોકાર્પણ કરવા સામે મનાઈ હુકમ ફરમાવ્યો છે. ડીસા નગરપાલિકા દ્વારા ડીસા હાઈવે પર આવેલ હવાઈ પિલર ગ્રાઉન્ડની જગ્યા પર અંદાજીત અઢી કરોડ રૂપિયા ખર્ચે સાર્વજનિક બગીચાનું નિર્માણ કરાયા બાદ આજે રવિવારે સાંજે આ નવનિર્મિત "નાનાજી દેશમુખ બાગ" ના લોકાર્પણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ નવા બગીચાનું મંત્રી પરબતભાઈ પટેલના હસ્તે લોકાર્પણ થનાર હતું. જો કે આ લોકાર્પણ સમારોહના ગણતરીના કલાકો પૂર્વે જ જિલ્લા કલેકટરે આ બગીચાનું લોકાર્પણ કરવા સામે મનાઈ હુકમ ફરમાવી દેતા ખળભળાટ મચી ગયો છે. ડીસા નગરપાલિકા દ્વારા નવનિર્મિત બગીચાનો લોકાર્પણ કાર્યક્રમ મુલતવી રાખવાની નોબત આવતા પાલિકા તંત્રની હાલત કફોડી થઈ ગઈ છે.ડીસા નગરપાલીકાએ પી.ડબલ્યુ ડી.વિભાગ અને સરકારની માલિકીની જગ્યામાં મનસ્વી રીતે બગીચો બનાવી દીધો હોવાના મામલે વિવાદ સર્જાયો છે અને આ બગીચો સરકારી બીન નંબરી જમીનમાં બનાવાયો હોવાના મામલે વીવાદ સર્જાતા જિલ્લા કલેકટર સંદીપ સાઁગલેએ આ બગીચાનું લોકાર્પણ કરવા સામે મનાઈ હુકમ ફરમાવી દીધો છે.

ઉલ્લેખનીય છે કે, ડીસા નગરપાલીકાએ સરકારી જમીન પર પુર્વ મંજુરી વગર ૨.૫૦ કરોડના ખર્ચે બગીચો બનાવી નાણાંનો આવો વેડફાટ કેમ કર્યો એ મામલે સ્વભાવિક રીતે નગરજનોમાં અણીયાળા સવાલો ઉઠ્યા છે. તો બીજી બાજુ, છેલ્લા એક વર્ષથી

અનુસંધાન પાના નં.૬

## વિચાર વૈભવ...

વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે! આપણી સ્વાર્થી- મતલબી દુનિયામાં બધી ક્રિયાઓ - વિચારો - નિર્ણયો હંમેશાં પોતાને જ કેન્દ્રમાં રાખીને કરવામાં આવે છે. સ્વૈચ્છિક સંસ્થા હોય કે સેવાભાવી સેવક કોઈ પણ 'સેવાકાર્ય' હાથમાં લે ત્યારે સૌપ્રથમ વિચાર 'અમને શું ફાયદો' એમ જ વિચારે છે. જાતને સાચવીને સેવાનો કોઈ જ અર્થ નથી. સેવામાં ઘસાવું તો પહેલું પડે!

દાદા ધર્માધિકારીનો આ નાનપણનો પ્રસંગ છે. એમની શેરીમાં બાળકો રમતાં હતાં ત્યારે એક બાળકી દોડતાં પડી ગઈ અને હોઠમાંથી લોહી નીકળવા લાગ્યું. પડોશી, દીકરીની માતા હાંફળી- ફાંફળી થઈ ગઈ . આંખમાં અશ્રુ સાથે બાળ ધર્માધિકારીને શેરીના નાકા પર રહેતા ડૉક્ટરને બોલાવી લાવવા સૂચના આપી.

ધર્માધિકારી દોડતાં દોડતાં ડૉક્ટરને ત્યાં ગયા અને ચઢેલા શ્વાસે આખી વાત એ પરિચિત ડૉક્ટરને કરી કહ્યું, 'ચાલો! જલ્દી ચાલો, લોહી ખૂબ વહે છે.'

ડૉક્ટરે નિરાંતથી જવાબ દીધો. 'જો, હું હમણાં જ વિઝિટમાંથી આવ્યો છું. ચા તૈયાર થાય છે. થોડો ફ્રેશ થઈ, તરત જ આવું છું. તું જા!'

ધર્માધિકારી ડૉક્ટરના આ જવાબ અને નિરાંતથી ખુબ ડઘાઈ ગયા! અને અંતરાત્માને પ્રશ્ન પૂછ્યો, 'જો આ દીકરી ડૉક્ટરની પોતાની જ પુત્રી હોત તો?!

- સુરેશ પ્રા.ભટ્ટ

## સાર સમાચાર...

### ધોતામાં ૪૫ વર્ષીય યુવકે વખ ઘોળતા મોત

પાલનપુર

વડગામ તાલુકાના ધોતા ગામમાં એક ૪૫ વર્ષીય યુવકે વખ ઘોળતા તેને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું

પ્રાપ્ત વિગતો મુજબ, વડગામ તાલુકાના ૪૫ વર્ષીય ચંદનજી દલાજી રાજપૂત નામના યુવકે કોઈ અગમ્ય કારણોસર સેલ્ફોસ ની ગોળીઓ ખાઈ જીવનલીલા સંકેલવાનો પ્રયાસ કર્યો હતો. જેઓને ગંભીર હાલતમાં તાકીદે સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું.

## ગતકડું....

- દેવન વ્યાસ



તમે પાછા એમ ન કહેતા કે, અધિક માસ છે એટલે જ આ વર્ષે અધિક ગરમી પડે છે ?

ભારતભરનાં તમામ રાજ્યોમાં લોકપ્રિય તેમજ મશહુર નામ
દરેક ખેડુતો માટે એક જ વપરાશ
સિલપૉલિન તાડપત્રી આજે જ વસાવો
ભારતની નં.૧ Supreme
સિલપૉલિન
IS : 14611 : 1998 ને અનુરૂપ સૌથી મજબુત તાડપત્રી
બ્રાન્ડ લોગો ચકાસીને જ લેવી
૧૦૦% વોટરપ્રૂફ | સ્વિસ ટેકનોલોજી | યુ.વી. સ્ટેબિલાઈઝડ
ખેડૂતનો સાચો મિત્ર : 97129 70706, 99780 19590

Admission OPEN
ગ્રોમોર સ્કૂલ
K.G. to 12th Std.
Gujarati & English Medium
(Science & General Stream)
DIPLOMA Engineering | DEGREE Engineering | MASTER Engineering
Affiliated with GTU | Approved by AICTE
Information Technology | Electrical Engineering
Computer Engineering | Civil Engineering | Mechanical Engineering
• M.B.A. | M.C.A. | Architecture
• B.C.A. | P.G.D.C.A. | M.Sc. (CA&IT)
• B.B.A. | B.Ed. | M.S.W.
• GNM Nursing | B.Sc. Nursing
• B.A | B.Com (Guj. & Eng. Medium)
• B.Sc.(Phy., Che., Bot., Mic-Bio., Math.)
Cafeteria With • Hygienic Food
Well Connected • Transportation
Hostel For • Boys & Girls
GROW MORE
ગ્રોમોર કેમ્પસ
હિંમતનગર,જિ.સાબરકાંઠા,ગુજરાત.
GTU : 94285 13931 • HNGU : 94285 13916 • School : 94285 13705
Website: www.growmore.ac.in E-mail: info@growmore.ac.in

MADHAV UNIVERSITY
Approvals (UGC & HRD, Govt. of India Recognised University), Govt. of Rajasthan, UGC, AICTE, BCI, PCI, NCVT, NCTE, Member of AIU




ADMISSION OPEN : 2018-19
Regn. Fee : 2500/- Only
Exam. Fee : 1500/- Only
VERY LOW FEE: FOUR EASY INSTALMENTS
3 MONTHS QUARTERLY FEE (Given in brackets)

| ARTS | Commerce | Science | Management |
|---|---|---|---|
| BA (2500)<br>MA (3750) | B.Com (4500)<br>M. Com (5000) | B.Sc. (5500)<br>M.Sc. (7500) | BBA (7500)<br>MBA (15000) |
| **Law** | **Pharmacy** | **Engineering** | **Computer Science** |
| BA LL.B. (6250)<br>LL.B. (7500)<br>LL.M. (11250) | D.Pharm (31250)<br>B.Pharm (20000)<br>M.Pharm (25000) | I.T.I. (Govt. Fee)<br>Polytechnic (7500)<br>B.Tech. (15000)<br>M.Tech. (17500) | DCA (3750)<br>PGDCA (7500)<br>BCA (7500)<br>MCA (11250) |
| **Agri. Science** | **Education** | **Physical Education** | **Library Science** |
| Diploma (11250)<br>B.Sc. (15000)<br>M.Sc. (17500) | B.Ed. (8000)<br>BA B.Ed. (6250)<br>B.Sc.B.Ed. (7500)<br>B.El.Ed. (6250) | D.P.Ed. (10000)<br>B.P.Ed. (10000)<br>M.P.Ed. (18750) | D. Lib (5000)<br>B. Lib (7500)<br>M. Lib (7500) |
| **Hotel Management** | **Paramedical (MLT,OTT,RIT)** | **Ayurveda, Yoga & Naturopathy** | **Fire & Safety** |
| Diploma (3000)<br>B.Sc. (12500)<br>BHMCT (12500)<br>MHMCT (12500) | Diploma (10000)<br>Bachelor (11250)<br>BPT (15000)<br>MPT (17500) | BNYS (22500)<br>B.Sc Nursing (11250)<br>D.Pharm Ayu. (10000)<br>B. Pharm Ayu. (11250)<br>Certi. Yoga (3750)<br>Certi. Panchkarma (3000) | Diploma (4750)<br>Mgmt/Fire Officer<br>Disaster (3250)<br>Management<br>Certificate (3250)<br>Fireman |

University Bus Facility From:
Abu Road, MT. Abu, Reodar, Chamundary, Sirohi, Pindwara & Other near by towns in Gujarat.
Separate Hostel for Girls & Boys :
Hostel & Mess Charges : 70,000/- per year
(Well furnished Rooms + Nutritious Food)
Contact: 8875028991, 92, 93
Email : madhavuniversity@gmail.com
Website : www.madhavuniversity.edu.in
NH - 27, Abu Road (Sirohi) - 307026 (Raj.)

CMYK

સૂર્યોદય - ૫.૫૮ સૂર્યાસ્ત - ૭.૧૬

## તિથિદર્શન
જેઠ સુદ-૬ રવિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ સુદ :છઠ્ઠ રવિવાર નક્ષત્ર : પુષ્ય રાત્રે ૧૦.૪૫ પછી આશ્લેષા યોગ :ગંડ કરણ: કૌલવ આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ.હ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

**ઉદીરતો અર્થ પશુનાપિ ગુહ્યાતે,**
**હયાશ્વ નાગાશ્વ વહન્તિ યોદિતાઃ**
**અનુત્કમપ્યૂહતિ પંડિતો જાનઃ**
**પરેંઅંગિતફલા હિ બુધ્ધયઃ**

આ શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ- 'સામાન્ય નીતિ'માંથી છે અક્કલમંદને તો ઈશારો કાફીની એક કહેતી છે પણ આ શ્લોકમાં તેની પણ આગળની વાત કરે છે. 'સ્પષ્ટ રીતે કહેવામાં આવેલો અર્થ તો પશુથી પણ ગ્રહણ કરાય છે. અને ઘોડા- હાથી વગેરે પાલતું પ્રાણી ચાલાકના ઈશારા મુજબ હાંકનારના ઈચ્છિત સ્થળે લઈ જાય છે અને માત્ર ચાલાકના થોડા સંકેતની જ જરૂર પડે છે પરંતુ બુદ્ધિશાળી માણસ તો કોઈની આજ્ઞા સિવાય, પણ શબ્દાજ્ઞ સિવાય, માત્ર દ્રષ્ટિનો ભાવ માત્ર સમજીને તર્કથી જાણી લે છે ખરેખર, બુદ્ધિ- સમાનું ફળ એ છે કે તે બીજાની ઈચ્છા- વાત- ચેષ્ટા- ઈરાદાઓને માત્ર આંખ અને ચહેરાના ભાવથી જ સમજી લે..'

કેટલાક લોકો એવા અણસમજુ હોય કે હોવાનો દેખાવ કરે કે એમને ન કરવું હોય એવું કામ પાંચ-પાંચ વાર કહ્યા છતાં ન જ કરે- 'ભૂલી જવાયું' કરશું.' 'આજ ને આજ શું જરૂરી હતું?' વગેરે કારણ બતાવે. એમાં અસંસ્કાર, અનાદર અને આળસ પણ કારણભૂત હોય છે. અરે! પશુ-પંખી- કૂતરાં જેમને બુદ્ધિ- અક્કલ નથી (એવી આપણી ખોટી માન્યતા છે.) એવા પ્રાણીઓ પણ માલિકના એક નાના ઈશારા પરથી સમજી જાય છે. એવાં પ્રાણીઓ આંખના ભાવ પણ વાંચી શકે. સમજુ વ્યક્તિ આંખ- ચહેરો વાંચી સામેની વ્યક્તિની બધી વાત સમજી શકે છે, એમને કંઈ કહેવાની જરૂર જ ન રહે.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) ગૃહવિવાદ ટાળવો. મહત્વની કામગીરીમાં વિલંબ થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.)પ્રિયજન સાથે મિલન-મુલાકાત સફળ નીવડે. લાભની તક સાંપડે.**
**મિથુન : (ક.છ.ઘ.)ધીરજની કસોટી થાય. મહેનતનું ધાર્યું ફળ ન મળે.**
**કર્ક : (ડ.હ.) વ્યર્થ ખર્ચનો પ્રસંગ બને. માનસિક અશાંતિ અનુભવાય.**
**સિંહ : (મ.ટ.)આરોગ્ય અંગે ચિંતા અનુભવાય. નાણાંભીડ રહે.**
**કન્યા : (પ.ઠ.ણ.)આકસ્મિક લાભ મળે. મનની મુરાદ બર ન આવે.**
**તુલા : (ર.ત.)લાભની તક સાંપડે. માનસિક પ્રસન્નતામાં વધારો થાય.**
**વૃશ્ચિક : (ન.ય.)નાણાંકીય ચિંતા હળવી બને. ધીરજના ફળ મીઠા મળે.**
**ધન : (ભ.ફ.ધ.) જીવનસાથીના આરોગ્ય અંગે સાવચેતી રાખવી. નાનો ખર્ચનો પ્રસંગ બને.**
**મકર : (ખ.જ.) મિત્રોની મદદ મળે. વ્યવસાયિક કાર્યમાં સફળતા રહ**
**કુંભ : (ગ.શ.સ.)પુરૂષાર્થનું પૂરૂં ફળ મળે. નાણાંભીડ અનુભવાય.**
**મીન : (દ.ચ.જ.થ.)વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે. કૌટુંબિક વિસંવાદિતતા સર્જાય.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

બંગાળની સામાજિક જાગૃતિની આધારસ્તંભ સમી ત્રિપુટી 'લાલ, પાલને બાલ'માંના એકશ્રી બિપીનચંદ્ર પાલની પુણ્યતિથિ છે. એમનો જન્મ તા. ૭/૧૧/૧૮૫૮ના રોજ થયો હતો. શ્રી બિપીનચંદ્ર પાલ માત્ર રાજકારણના યોદ્ધા ન હતા. એક પ્રખર પત્રકાર તરીકે તેમણે પોતાનાં પત્રો 'ટ્રિબ્યૂન', 'પથદર્શક', 'ન્યૂ ઈન્ડિયા', 'સ્વરાજ', 'હિંદુ રિવ્યૂ', 'ઈન્ડિપેન્ડેન્ટ', 'ડેમોક્રેટ' ને 'બંગાળી' વડે પ્રાંત ને દેશની પ્રજામાં પ્રાણ પૂર્યા. તેમણે કહેલું કે, ''સત્યાગ્રહ નિષ્ક્રિયનથી, પણ 'અનાક્રમક' છે. આ પ્રખર રાજકારણી યોદ્ધાને મહાન દેશભક્તનું તા. ૨૦/૫/ ૧૯૩૨ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# પાપથી પરલોક બગડે પરંતુ વ્યસનોથી આલોક બગડેઃ પં.રાજરક્ષિતવિજયજી..

નવસારી

પાપથી તો પરલોક બગડે, પરંતુ વ્યસનોથી તો આલોક બરબાદ થાય છે. પાપનો ત્યાગ તો પોતાને પ્રસન્ન બનાવે છે. જયારે વ્યસનોનો ત્યાગ તો પરિવારને પ્રસન્ન બનાવે છે. શ્વેતામ્બર સૌસાયટી વલસાડમાં મુનિશ્રી હંસબોધિવિજયજી તથા પંન્યાસશ્રી રાજરક્ષિતવિજયજીએ મંગલદીપ સ્ટાફના પરિવારને સંબોધન કરતાં જણાવ્યું કે, સાચા માણસ બનવા આંખ-હાથ અને હૃદય ચોખ્ખા રાખવા જોઈએ. અર્થાત્ આંખ નિર્વિકાર હોવી જોઈએ, હાથ અનિતિથી ખરડાયેલા ન જોઈએ તથા હૃદય જીવો પ્રત્યે કોમળ હોવું જોઈએ.હરામનો પૈસો ખાઈ શકાય છે. પરંતુ પચાવી શકાતો નથી. હરામના પૈસા હરામીમાં જાય છે. કુટુંબમાં ઝગડા કરાવી જીવન અશાંત બનાવે છે.

પંન્યાસ રાજરક્ષિતવિજયજીએ કહ્યું કે, તમામ ધર્મના પ્રણેતાઓએ અહિંસાને ખૂબ જ મહત્વ આપ્યું છે. કુરાન - બાઈબલ, ઉપનિષદ, વેદ, આગમમાં જીવરક્ષા ઉપર ખૂબ જ ભાર મુક્યો છે. બધાજીવો જીવવાને ઈચ્છે છે મરવાનું કોઈ ને ગમતું નથી. માટે જ સાત મહાવ્યસનોનો ત્યાગ કરવો જોઈએ. પરસ્ત્રીગમન, વૈશ્યાગમન, શિકાર, મોટી ચોરી, દારૂ અને જુગાર માણસને સંકટમાં પાડે છે.

પૂજ્યશ્રીની પ્રેરણા પામીને તમામ સ્ટાફે છ મહિના માટે તમાકુ-દારૂ નો ત્યાગ કરીને કમાલ કરી હતી. તા. ૨૦ મે સવારે ૭/૩૦ થી ૮/૩૦ તથા બપોરે ૩ થી ૪/૩૦ પ્રવચન થશે. તથા રાત્રે ૮/૩૦ કલાકે યુવા પ્રવચનકાર મુનિશ્રી નયરક્ષિત વિજયજીનું પ્રવચન થશે.

# અમીરગઢ કૃષિ પોલિટેકનિકના વિદ્યાર્થીઓને વિદાયમાન


વિશાલ નાઈ

અમીરગઢ

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી સંલગ્ન વનબંધુ કૃષિ પોલીટેકનીક, અમીરગઢ દ્વારા છઠ્ઠા સત્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વિદાય સમારંભનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પ્રગતિશીલ ખેડુત ઈસ્માઈલભાઈ શેરુ તથા ગાંધી વિચારક નાગેશભાઈ જોષી મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. બંને મહાનુભાવોએ આધુનિક ખેતીને વ્યવસાય તરીકે સ્વીકારવા તેમજ ભવિષ્યના સામાજીક જીવન અંગેનું માર્ગદર્શન આપીને શુભેચ્છા પાઠવી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં મહેમાનોનું સ્વાગત કુ. કે.આર.પ્રજાપતિ, વિદ્યાર્થી પ્રવૃત્તિઓ અંગેની માહિતી સી.એન. પંચાલ તથા આભારવિધિ ડૉ.બી.કે.પટેલ દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્ય ડૉ.જી.જે.પટેલના માર્ગદર્શન હેઠળ આર.વી.ઠક્કર તથા એસ.આર. ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

# રતનગઢ (નવા રવિયાણા) ગામે શ્રી વડેચી માતાનો હવન યોજાયો



ડીસા

કાંકરેજ તાલુકાના રતનગઢ (નવા રવિયાણા) ગામે તા.૧૮/૫/૧૮ ને શુક્રવારના રોજ મફાભાઈ સગથાભાઈ નાઈના નિવાસ સ્થાને વડેચી માતાજીનો હવન યોજાયો હતો.

''જેના પરચા અપરંપાર તેની શક્તિનો ન આવે પાર..'' એવી જગદંબા મા વડેચી (વરદાયનીને) કોણ ન ઓળખે..! ગાંધીનગરના રૂપાલ ગામે જેના નામે હજારો રૂપિયાનું ઘી પલ્લવીમાં હોમાય છે અને ઘીની નદીઓ જાણે વહેલી હોય તેવું દશ્ય ખડુ થાય છે તેવી જગદંબા મા વડેચીને કોઈ ભાવથી નમી પડે તો પણ બેડો પાર થઈ જતો હોય છે. વિશ્વમાં જેની પલ્લી વખણાય છે અને છેક પાંડવોના સમયથી ચાલી આવતી આ પલ્લી યાત્રાના લીધે મા વડેચીનું આખા જગતમાં નામ છે. વાંઝીયા મેણાં ભાગનાર, સુખસંપત્તિ આપનાર, સૌની લાજ રાખનાર મા વડેચીનો જ જ્યારે હવન હોય તો કોને હરખ ન હોય..!

કહેવાય છે કે, પરમેશ્વરને ''મા'' કહીને જેને જેને પોકાર્યો છે. તેનો બેડો પાર થઈ ગયો છે. ''મા'' કહેતાં હરી હાથ વગો જ હોય છે. **અનુસંધાન પાના નં.૬**

# વીજ કંપનીના કોન્ટ્રાક્ટ કામદારો દ્વારા વડોદરામાં ધરણા


મનીષ જોષી

વડોદરા

વડોદરાની મધ્ય ગુજરાત વીજ કંપની ના ગેટ પાસે વીજ કંપનીના કોન્ટ્રાક્ટ કામદારોએ વિવિધ માગણીઓ માટે ધરણા - આંદોલનનુ શસ્ત્ર ઉગામ્યુ હતુ.

વીજ કંપની દ્વારા કોન્ટ્રાક્ટ પર કામ કરતા કર્મચારીઓ ને કાઢી મુકવામાં આવ્યા છે. તેમને ફરી નોકરી પર પાછા લેવામાં આવે , એપ્રેન્ટિસ ઈલેક્ટ્રીક આસિસ્ટન્ટને કાયમી કરવા , જીઈબી હસ્તકના સબ સ્ટેશનને બંધ કરવા તેમજ લાઈનમેનોની ભરતી સહિતના વિવિધ મુદા માટે ગુજરાત એપ્રેન્ટિસ લાઈનમેન એસોસિએશન (સૂચિત) ના નેજા હેઠળ ભૂખ હડતાળ અને ૪૮ કલાકના ધરણા કર્યા બાદ ઉચ્ચ કક્ષાએ રજુઆત મિતેશ પરમારની આગેવાનીમા કરી હતી.

## ચક્ષુદાન એ મહાદાન



**શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ, ડીસા અને દિવ્ય જ્યોતિ ચક્ષુબેંક ડીસાના સંયુક્ત ઉપક્રમે ચાલતા ચક્ષુદાન-મહાદાનમાં જેમણે ચક્ષુદાનનો સંકલ્પ કર્યો છે. તેવા શુભેચ્છકોની યાદી નીચે મુજબ છે.**

**(૧)મફતલાલ રણછોડભાઈ પ્રજાપતી (મો. ૯૪૨૯૨૯૦૦૬૩)**
**(૨)જીવણભાઈ નોકાભાઈ ઠક્કર (મો.૯૯૨૪૭૧૫૮૧૭)**
**(૩)ગીતાબેન જીવણભાઈ ઠક્કર (મો. ૯૯૨૪૦૧૫૮૧૭)**

**નોંધ : આપ પણ ચક્ષુદાનના યજ્ઞમાં જોડાઓ**
**સંપર્ક : ૯૪૨૯૪ ૩૦૩૦૧, ૬૩૫૧૨૨૩૮૫૫, ૯૮૨૪૦ ૯૩૭૭૬, ૯૪૨૬૩ ૩૬૧૭૮**

ઉનાળાની ગરમીથી રક્ષણ મેળવવા

# મદદનીશ શ્રમ આયુક્ત અધિકારીનું આહ્વાન

હિંમતનગર

ગુજરાત મકાન અને બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ/ મદદનીશ શ્રમ આયુક્તની કચેરી હિંમતનગર (સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા) ની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે હાલના સમયમાં ગરમીનું પ્રમાણ વધુ હોવાને કારણે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાંની જાહેર તેમજ ખાનગી કોન્ટ્રાક્ટર/ સંસ્થાઓ દ્વારા બાંધકામ સાઈટ તેમજ ગરમીમાં ખુલ્લામાં કામ કરતા બાંધકામ તેમજ અન્ય શ્રમયોગીઓને બપોરના ૧૪-૦૦ થી ૧૬-૦૦ કલાક સુધી કામમાં આરામ આપવો. તથા ત્યાં સુધી કામકાજ બંધ રાખવામાં આવે. તથા શ્રમયોગીના કામકાજના સ્થળે પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા, શ્રમયોગીઓ પર સૂરજના સીધા સૂર્યના કિરણો ન પડે અને તેનાથી રક્ષણ મળે. તથા વધુ પડતા તડકાથી પરસેવો ના થાય તેવી વ્યવસ્થા તથા શ્રમયોગીઓના સતત પરિશ્રમ/ સખત મહેનત કરનાર શ્રમિકોને કામકાજના દિવસ દરમિયાન થોડા ટૂંકા ગાળાને અંતરે આરામ મળી રહે તેવી વ્યવસ્થા. તથા સગર્ભા શ્રમયોગી મહિલાઓને કામકાજના દિવસે તેમને તબીબી સારવાર મળી રહે તથા શ્રમયગી મહિલાઓનાં જો નાનાં બાળકો સાથે લાવતા હોય તો તેમના ઘોડીયાઘરની વ્યવસ્થા કરવામાં આવે. તેવી નમ્ર વિનંતી કરવામાં આવે છે. તેમ મદદનીશ શ્રમ આયુક્ત હિંમતનગર કચેરીની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ડીસાના પ્રિતમનગરમાં સંતવાણી કાર્યક્રમ યોજાયો

પ્રતિ. વડાવળ

ડીસા શહેરમાં આવેલ પ્રિતમનગરમાં રહેતા ઉબરી ગામનાજોરાભાઈ બબાભાઈ નાઈના ઘરે નવા મકાનના વાસ્તુ પ્રસંગે તા.૧૭/૫/૨૦૧૮ ને ગુરૂવારે ભજન સત્સંગના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંતવાણી કાર્યક્રમમાં પધારેલ સંત શ્રી મિયાચંદ મહારાજ, આસેડાથી ડાયારામ સાહેબ, અગરદાસ મહારાજ માણેકપુરાથી કાન્તીરામ મહારાજ, હરીપુરાથી ધનજીરામ મહારાજ રેલ્વે સ્ટેશનથી હરગોવનરામ મહારાજ, કાપડીવાસથી હરજીરામ મહારાજ અને સરીયદથી વેલારામ મહારાજે હાજર રહી ભજન સત્સંગનો લાભ આપ્યો હતો.

આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ભાવિક ભક્તો પણ હાજર રહ્યા હતા જેમાં કરશનભાઈ (સોપ્રા) કાનજીભાઈ (ઓઢવા) બાબુભાઈ અશોકભાઈ (ઉંબરી) કરશનભાઈ (ધનાસરા) ભરતભાઈ (વાયડ) ગણપતભાઈ (દાનસરી) વગેરે સહિત સ્નેહીજનો અને સોસાયટીના રહીશોએ હાજરી આપી સંતવાણી કાર્યક્રમનો લાભ લીધો હતો આ પ્રસંગ ભોજન પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન અશોકભાઈ ઉબરી દ્વારા કરવામાં આવ્યું હતું.

# માલગઢમાં ભજન સંધ્યા યોજાઈ



પ્રતિ. માલગઢ

ડીસા તાલુકાના માલગઢ ગામની જોધપુરીયા ઢાણીમાં સ્વર્ગસ્થ મગનાજી ધનાજી ટાંકની પુનઃ તર્પણવિધિની પૂર્વ સંધ્યાએ શુક્રવારે ભજન સંધ્યા યોજાઈ હતી.

ગણપતિ વંદનાની શરૂઆત ભૈરવ મ્યુઝિકલ પાર્ટી-દિનેશ ગેલોતે કરી હતી. ત્યારબાદ સુરેશ ગેલોત (વાસડા) એ હો રાય રામદેવજી.. નાથ નેજાધારી (રિલીઝ બાકી) ભજન ગાઈ શ્રોતાઓને ડોલાવી દીધા હતા ! ડીસાના જાણીતા ભજનિક પ્રકાશ માળીએ સત્સંગ-વાણી અને ધૂન ગાઈને ભજન સંધ્યાને આગળ વધારી હતી. ગૌ ભક્ત ગણપત ભાટીએ ભજન સંધ્યાનું સફળ સંચાલન કર્યું હતું. આ ભજન સંધ્યામાં સ્વર્ગસ્થના સગાં-સ્નેહીજનો મન મૂકીને નાચ્યા હતા. કલ્પેશ માળીએ ઘોડલીયો.. અને કાન્તિલાલ પઢિયાર (કેવીપી) એ ભૈરવદાદાના ભજનો પ્રસ્તુત કર્યા હતા. ભજનસંધ્યાની મહેફિલ ચા.નાસ્તો અને કોલ્ડ ડ્રીક્સ સહિત-મોડી રાત સુધી માણી હતી. આ પ્રસંગે ગામના ભક્ત રસિકજનો ભજન સંધ્યામાં હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

# ધોરણ-૧૦નું પરિણામ ૨૪ મેએ જાહેર થવાની શકયતા

અમદાવાદ

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ પરીક્ષાનું પરિણામ ૨૪ મેના જ જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ બોર્ડની ુ.પ્તજીીહ્વ.ૈહ્વિ વેબસાઇટ પર આ પરિણામ જોઇ શકશે. ધોરણ-૧૦ના પરિણામને લઇ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ઉત્તેજના અને ઈન્તેજારી જોવા મળી રહી છે. જો કે, આ વર્ષે ધોરણ-૧૦માં ગણિત વિષયનું પેપર ખૂબ અઘરૂ નીકળ્યું હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓ રાતા પાણીએ રડયા હતા, જેની સીધી અસર ધોરણ-૧૦ના પરિણામ પર પડે તેમ હોઇ બોર્ડ સત્તાવાળાઓ દ્વારા આ વર્ષે વિદ્યાર્થીઓને ૧૨ માર્ક્સ સુધીના ગ્રેસીંગ માર્ક્સ આપવામાં આવે તેવી પણ શકયતા છે કે જેથી વિદ્યાર્થીઓ અને વાલીઓને કંઇક અંશે રાહત મળે. તો સાથે સાથે ધોરણ-૧૦નું બોર્ડનું પરિણામ પણ ઉંચુ લાવી શકાય. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ચાલુ મહિનાના ત્રીજા સપ્તાહ એટલે કે તા.૩૦ મે સુધીમાં જાહેર થાય તેવી શક્યતા છે. મળતી માહિતી પ્રમાણે ૧.૨૦ કરોડ ઉત્તરવહીઓની ચકાસણીનું કામ પૂર્ણ થઈ ગયું છે. હવે પરિણામ બનાવવાની કામગીરી ચાલુ છે. ધોરણ-૧૦નું પરિણામ તા.૨૪મી મેના રોજ જાહેર થવાની શકયતા છે, જેમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ુ.પ્તજીીહ્વ.ૈહ્વિ વેબસાઇટ પર આ પરિણામ જોઇ શકશે. તા.૧૨ માર્ચ, ૨૦૧૮ના દિવસે ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા શરૂ થઇ હતી. જેમાં કુલ ૧૭ લાખ ૧૪ હજાર ૯૭૯ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી, જેમાં ધો. ૧૦ના ૧૧ લાખ ૩ હજાર ૬૭૪ વિદ્યાર્થી અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ૪,૭૬,૬૩૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ગુજરાત રાજ્યના ૧૫૪૮ કેન્દ્ર પર ૧૭,૧૪,૯૭૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી, જેમાં અમદાવાદ શહેરમાં કુલ ૧,૧૪,૮૮૦ વિદ્યાર્થીઓ, અમદાવાદ જિલ્લામાં ધોરણ ૧૦ના ૬૯,૩૯૦ વિદ્યાર્થીઓ નોંધાયા હતા.

# નિષ્કામ ભક્તિનું ફળ

એક વખત અર્જુનને લઈ ભગવાન શ્રી કૃષ્ણ પૃથ્વીલોક પર ફરવા નિકળ્યા હતા. ફરતા ફરતા તેઓ એક જંગલમાંથી પસાર થઈ રહ્યા હતા. ત્યાં રસ્તામાં એક ગાયને જોઈ. એ ગાય પીડાતી હતી અને વિચિત્ર અવાજ કરી રહી હતી.

ત્યાં અર્જુનનું મન આ દ્રશ્ય જોઈ અને ખીન્ન થઈ ગયું તેણે ભગવાન શ્રી કૃષ્ણને વિનંતી કરી, ''હે પ્રભુ આ કોઈ રોગથી પીડાઈ રહેલ ગાયને મુક્તિ આપો. તમે આ ગાય ઉપર દયા કરો.''

ભગવાન શ્રી કૃષ્ણ કહે છે, '' પૂર્વ જન્મમાં તેણે જે કર્મો કરેલા છે, તેના ફળ તે ભોગવી રહી છે. તેમ છતાં જો તને દયા આવતી હોય તો તું એક કામ કર. તે કોઈ મારૂ તપ કર્યું હોય તો તેનું ફળ તું આ ગાયને સંકલ્પ કરીને આપ તો તે ગાય જરૂર મુક્તિને પામશે.'' આમ, કહેવા પાછળનો ભગવાન શ્રી કૃષ્ણનો આશ્રય અર્જુન સમજી ન શક્યો. અર્જુનને મનમાં અભિમાન હતું કે, મારા જેવા જપ-તપ તો કોઈએ નથી કર્યા. તેથી ભગવાન શ્રી કૃષ્ણ તેનું અભીમાન ઉતારવા માંગતા હતા.

તેથી અર્જુને સંકલ્પ કર્યો કે, ''જે જપ-તપ મેં કર્યા છે તેનું ફળ આ ગાયને અર્પણ કરૂ છું'' પણ તેના અભિમાનને કારણે ગાયની અવસ્થામાં કંઈ જ ફેર ન પડ્યો એટલે અર્જુન મુંઝાઈ ગયો. પછી ભગવાન શ્રી કૃષ્ણ કહે છે તું મારી સાથે ચાલ તારી ઈચ્છા આજે આપણે પૂર્ણ કરશું. આમ કહી ભગવાન શ્રી કૃષ્ણ અર્જુનને સાથે લઈ અને પાસેના એક ગામમાં ગયા. ત્યા એક ઘર પાસે ઉભા રહ્યા. તે ઘરમાં એક મોટી ઉંમરના ડોશીમાં રહેતા હતા. તેની નજર ભગવાન શ્રી કૃષ્ણ અને અર્જુન પર પડી તેથી તેને લાગ્યુ કે, કોઈ યાચક આવ્યા લાગે છે. તેથી તેને આપવા માટે ઘરમાંથી કશુક લઈને ડોશીમાં બહાર આવ્યા. ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ બોલ્યા, 'અમને ભીક્ષામાં કોઈ વસ્તુ નથી જોઈતી પરંતુ જુદા જ પ્રકારની ભીક્ષા અમને જોઈએ છે. તમે આપશો ?''

ડોશીમાં કહે છે, ''તમને જે જોઈતું હોય તે આપવા માટે હું તૈયાર જ છું જે વસ્તુ મારી પાસે હશે તે આપવા હું તૈયાર છું.''

''જુઓ, પાસેના જગલ વિસ્તારમાં એક બિમાર ગાય પડી છે. તેને મુક્તિ મળે તે માટે તમે તમારા પુણ્યમાંથી ફળ આપો તો યે ગાયની મુક્તિ થઈ જાય અને તેને લીધે પીડામાંથી તેને મુક્તિ મળે.''

ડોશીમાં કહે છે, 'બીજું તો મે શું તપ કર્યું હોય ? પરંતુ હું સતત ભગવાનનું નામસ્મરણ કરતી રહું છું અને આજ દિવસ સુધી મેં સતત પુરૂષોત્તમ માસ નીતિ નિયમ પૂર્વક કર્યા છે. આમ છતાં પણ મારાથી એ વ્રતમાં ભૂલ ચૂક રહી ગઈ હોય છતાં મારૂ કંઈ પુણ્ય હોય તો તે ગાયને મુક્તિ અપાવવા મદદરૂપ થાય તો તેને તે ફળ આપવા હું તૈયાર છું.''

પછી ભગવાન શ્રી કૃષ્ણ, અર્જુન અને તે ડોશીમાં એ ત્રણેય ગયા સીધા ત્યાં જ્યાં ગાય પીડાતી હતી. પછી જમણા હાથમાં પાણી લીધું અને સંકલ્પ કર્યું, ''મેં આજ દિવસ સુધી અધિકમાસનું વ્રત નિષ્ઠા અને શ્રધ્ધા પૂર્વક કર્યું હોય અને તેનું જો મને કંઈ ફળ પ્રાપ્ત થયું હોય તો તે પુણ્ય ફળમાંથી ફળ અર્પણ કરવાથી આ ગાયને મુક્તિ મળે તો તે માટે હું મારા પુણ્યનું ફળ આપવા અંતઃકરણ પૂર્વક સંકલ્પ કરૂ છું.'' આ સંકલ્પ ચાલી રહ્યો હતો ત્યારે પણ અર્જુન વિચાર કરી રહ્યો હતો કે, મારી ભક્તિ પાસે આ ડોશીમાની ભક્તિ શું વિસાત માં.. ? પરંતુ ડોશીમાં આ સંકલ્પ પૂર્ણ કર્યો અને ગાય તો સદેહે સ્વર્ગના માર્ગે ઉપડી ગઈ. આ દ્રશ્ય જોઈને આખરે અર્જુનને રહસ્ય સમજાયું. તેનું અભિમાન ઉતરી ગયું અને તરત જ પોતાની ભૂલ સમજાતા તે પ્રભુના ચરણોમાં દંડવત પ્રણામ કરી અને કહ્યું, ''હું સમજી ગયો છું કે, તમે મારૂ અભિમાન ઉતરવા માટે જ આ લીલા કરી હતી.''

ત્યારે પોતાના પરમ ભક્તોમાના એક એવા અર્જુનને ભગવાન શ્રી કૃષ્ણએ ઉભો કરી અને પોતાની છાતી સરસો ચાપી તેના વાસામાં વાત્સલ્ય ભર્યો હાથ ફેરવ્યો અને કહ્યું, ''હે પાર્થ, મને મારો ભક્ત અભિમાન કરે તે જરાય ન ગમે. માટે હું મારા ભક્તોનું સૌ પ્રથમ તો અભિમાન ઉતારૂ છું પછી જ મારૂ શરણ આપું છું. વળી, જે ભક્ત મારી ભક્તિ કરી તે ભક્તિનું અભિમાન કરે તેની ભક્તિ પણ નિષ્ફળ જાય છે.'' પછી ભગવાન અને અર્જુને પોતાના અસલી સ્વરૂપ પ્રગટ કરી અને ડોશીમાને દર્શન આપ્યા અને તે ડોશીમાને ગૌલોકમાં પ્રવેશ આપ્યો.

**આજનું ભજન**

શ્રીકૃષ્ણઃશરણં મમ એ મંત્ર સદાયે તું જપતો જા.
આવ્યો છે તો આ સંસારે સફળ જન્મ તું કરતો જા.
મન, વાણી કાયા વશ રાખી (૨)
મમતાનો બોજો દૂરનાખી
ધન દીધું જો ધણીએ તુજને,
પેટ ભૂખ્યાના ભરભરતો જા. આવ્યો છે તો..
આ જગતમાં તું મહાન કહાવે (૨)
આશા કરી કોઈ આંગણે આવે,
દીન દુઃખીયાની વાતો તારા
કર્ણપટે તું ધરતો જા. આવ્યો છે તો..
હું પદની ગ્રંથીને છેદી (૨)
માયના ઘેરા ગઢ ભેદી,
પ્રકાશમય શ્રી પ્રભુના પંથે,
હળવે હળવે તું સરતો જા. આવ્યો છે તો..
''ગોવિંદ''ગુરૂના શરણ ગ્રહીલે (૨)
દુઃખ પડે તો દુઃખ સહી લે,
માન સાગરના મોંઘા મોતી,
હંસ બનીને ચરતો જા. આવ્યો છે તો..
કનકચંદ્ર સી.વ્યાસ

સંકલન : શ્રીમતી રમણતારા કે.વ્યાસ
મું.અંજાર (કચ્છ)

# હાઈ ફીવર... ડાન્સ કા નયા તેવરમાં જજ તરીકે ઈશા ગુપ્તાએ ગરમાટો લાવી દીધો



&TV પર સુપરહિટ, રિયાલિટી પ્રોપર્ટી હાઈ ફીવર... ડાન્સ કા નયા તેવરમાં બોલીવૂડની અભિનેત્રી ગ્લેમરસ તડકો ઉમેરશે. સ્ક્રીન પર આકર્ષક ભૂમિકાઓ ભજવવા માટે જ્ઞાત આ ફેશન આઈકોન અને ભારતની સૌથી પ્રચલિત સ્ટારમાંથી એક શોના જજોની પેનલમાં અહમદ ખાન અને લારા દત્તા સાથે જોડાશે. ડાન્સ પ્રેમીઓના મન પર રાજ કરવાનું ચાલુ રાખતાં હાઈ ફીવરે જેઠ- બહુ, નણંદ- ભાભી, ગુરુ- શિષ્ય, માતા-પુત્રીની અસાધારણ ડાન્સિંગ જોડીઓને આગળ લાવવા માટે સર્વ ભાવિ ડાન્સ રિયાલિટી શો માટે સીમાચિહન સ્થાપિત કર્યું છે.અભિનેત્રી, મોડેલ, મિસ ઈન્ડિયા ઈન્ટરનેશનલ ટાઈટલ ધારક અને ચળવળકાર... ઈશાએ ઘણી બધી સિદ્ધિઓ મેળવી છે. હવે આ સુંદરીને રાષ્ટ્રીય ટેલિવિઝન પર હાઈ ફીવરમાં જજ તરીકે પદાર્પણ કરતી જુઓ. ખુદ સુંદર નૃત્યાંગના ઈશાની પરફેકશન માટે બારીકાઈભરી નજર સ્પર્ધકો પર રહેવાની છે, કારણ કે તે રાષ્ટ્રની પસંદગી ચૂંટી કાઢવાની છે. તેની ભૂમિકામાં તે સ્પર્ધક બ્રિગેડની આગેવાની કરતી મેન્ટર- સપોર્ટર તરીકે જોવા મળવાની છે. તેના સહ- જજ અને સ્પર્ધકો શોમાં ઈશાના પ્રવેશ સાથે ભારે રોમાંચિત છે, કારણ કે ડાન્સ ફીવર આ સપ્તાહમાં દર્શકોના વોટિંગ સાથે નવી ઊંચાઈ સર કરશે.ઈશાના શ્રેયમાં ઘણી બધી સિદ્ધિઓ છે. તે ફિલ્મ કમાંડો, બાદશાહો, રુસ્તમ, બેબી, રાઝ ૩ડી, જન્નત ૨ વગેરે ફિલ્મોમાં જોવા મળી હતી. ૨૦૧૮માં ઈશાએ શ્ફ પર હાઈ ફીવર સાથે તેનું ટીવી પદાર્પણ કર્યું છે અને આ સાથે આંતરરાષ્ટ્રીય ફિલ્મ પલટન અને અમુક હજુ જાહેર થવાના બાકી છે એવા પ્રોજેક્ટો પણ તેની પાસે છે. તો આ સંવેદનશીલ રાણી અગાઉ ક્યારેય નહીં તે રીત સિલ્વર સ્ક્રીનની ચમક વધારશે તે જોવાનું ચૂકશો નહીં... જોતા રહો હાઈ ફીવર... ડાન્સ કા નયા તેવર, દર શનિવાર- રવિવારે, રાત્રે ૯.૩૦, ફક્ત &TV પર !

# મોટા ગામે હૂમલાખોરો સામે કાર્યવાહી ન થતાં પરિવારની આત્મવિલોપનની ચિમકી

### રસ્તા વચ્ચે કાર ઉભી રાખવા જેવી નજીવી બાબતે ૨૫ વ્યકિતઓએ હૂમલો કર્યો હતો

પાલનપુર

પાલનપુર તાલુકાના મોટા ગામે રસ્તા વચ્ચે કાર ઉભી રાખવા જેવી નજીવી બાબતે ૨૦ થી ૨૫ વ્યક્તિઓના ટોળાએ ફાર્મહાઉસ પર રહેતા પરિવાર પર હુમલો કરી તોડફોડ કરી યુવતી સહિત ત્રણ વ્યક્તિઓને ગંભીર ઈજા પહોંચાડી હતી. જોકે આ મામલે પોલીસને જાણ કરવા છતાં પોલીસે માત્ર નજીવી ફરિયાદ નોંધી આરોપીને બચાવવાની કોશિશ કરતા હોય પરિવારજનો એ આત્મવિલોપનની ચીમકી આપતા ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ પાલનપુર તાલુકાના મોટા ગામમાં રહેતા સુરસિંહજી પરમારનો દિકરો ગાડી લઈને ગામમાં ગયો હોઈ ગાડી રસ્તા વચ્ચે ઊભી રાખવાના મામલે ગામના જ ઠાકોર યુવાનો સાથે બોલાચાલી થઈ હતી. જે મામલે સમાધાન થઇ ગયું હોવા છતાં શુક્રવારે મોડી સાંજે ૨૦ થી ૨૫ શખ્સોના ટોળાએ ફાર્મ હાઉસ ઉપર રહેતા સુરસિંહજી ના ઘર પર લાકડી, ધોકા, ધારિયા, તલવારો જેવા હથીયારો સાથે હુમલો કર્યો હતો. અને ઘરના દરવાજા, ટીવી સ્ટેન્ડ, કાચ સહિતની ચીજવસ્તુઓની તોડફોડ કરી હતી. જ્યારે તેમની દીકરી, પત્ની અને દીકરા પર હુમલો કરી ત્રણેયને ગંભીર ઈજા પહોંચાડી હતી.

આ બાબતે તેઓએ તાત્કાલિક ગઢ પોલીસને જાણ કરતાં મોડે મોડે આવેલી પોલીસે માત્ર તેઓની નજીવી ફરિયાદ નોંધી આરોપીઓ સામે કોઇ કાર્યવાહી કરી ન હતી. આ અંગે પરિવારના કિંજલબા પરમાર અને સુરસિંહ પરમારે જણાવ્યું હતુ કે, આ શખ્સો દ્વારા ધમકી આપવામાં આવી રહી છે. આ અંગે પોલીસ કાર્યવાહી કરતી નથી. જેથી અમારે નાછુટકે આત્મ વિલોપન કરવું પડે તેવી સ્થિતિ આવી છે.

# સમસ્ત મહાજન આયોજીત પ્રશિક્ષણ શિબિર યોજાઈ

### ગૌ પ્રેમીઓ દીઓદરના આંગણે

તાલુકા પ્રતિનિધિ દીઓદર

સમસ્ત મહાજન દ્વારા આયોજીત ગૌ પ્રેમીઓ હેતું જીલ્લાસ્તરીય ત્રિ દિવસીય પ્રશિક્ષણ ભ્રમણ શિબિર તા.૧૮ થી ૨૦ મે સુધી યોજાઈ


અશોક શેઠ

સમસ્ત મહાજનના શ્રી ગીરીશભાઈ શાહના માર્ગદર્શન હેઠળ યોજાયેલ છ લકઝરી બસો દ્વારા અમદાવાદ,રાજસ્થાન, સુરતના ૩૫૦ જેટલા ગૌ પ્રેમીઓ આ શિબિરમાં જોડાયેલ.તા.૧૮ના રોજ સૌ બસો દ્વારા કે.પી.સંઘવી ગૌશાળા પાવાપુરી ગયેલ.જ્યાં ગૌશાળા નિહાળેલ.તા.૧૯ના રોજ સૌ સવારે ભીલડીયાજી પાર્શ્વનાથ દાદાના દર્શનાદી પતાવી નવકારશી કરી દીઓદર આવેલ જ્યાં દીઓદર જૈન સંઘ દ્વારા શ્રી દીઓદર ખોડાઢોર પાંજરાપોળમાં સૌ ગૌ ભક્તોનું પેંડા ખવરાવી મો મીઠુ કરાવેલ અને કંકુ તિલક કરી રૂા.૧૦/-નું સન્માન થયેલ.આ પ્રસંગે ગીરીશભાઈ શાહ આદી મહાનુભાવોનું બનાસકાંઠા જીલ્લા પાંજરાપોળના પ્રમુખ ચીનુભાઈ પાંચાણી તથા ગૌ શાળાના પાંજરાપોળના અગ્રણી જયંતિલાલ બી.દોશી તથા ટ્રસ્ટ મંડળ દ્વારા શ્રીફળ આપી બહુમાન કરાયેલ.ત્યાંથી સૌ જલારામ ગૌશાળા ભાભર ગયેલ જ્યાં જુદા જુદા

અનુસંધાન પાના નં.૬

# જુનાડીસાથી જીવરાજપુરા થઈ માણેકપુરા રોડ સુધીના કાચા રસ્તાને પાકો બનાવવા લોકમાંગ

### રસ્તાના અભાવે ગ્રામીણ પ્રજા ત્રાહીમામ

ડીસા

ડીસા તાલુકાના જુનાડીસા વિસ્તારના આજુબાજુના ગામડા ખરડોસણ, માણેકપુરા, મૂના, અજૂજા અને સાવિયાણા વિસ્તારના લોકો વર્ષોથી જુનાડીસામાં રોજીરોટી માટે આવે છે. ખેડુતો ખેતમજુરો પોતાની ખેતપેદાશો વેચી રોટલો રળે છે. હીરા ઘસુ લોકો પોતાની સ્વરોજગારી મેળવે છે, શ્રમજીવી અને રોજ મજૂરી કરી જીવન ગુજારતા લોકો વધુ જોવા મળે છે. જુનાડીસામાં ધો.૧ થી૧૨ સુધીની હાઈસ્કુલ હોવાથી શિક્ષણ મેળવવા ઘણા વિદ્યાર્થીઓ આવે છે. આમ વર્ષોથી જુનાડીસા સાથેનો નાતો જોડાયેલો છે.

આ બધા લોકો જુનાડીસાથી જીવરાજપુરા થઈને મૂના જતા કાચા ધૂળિયા માર્ગે (જૂની ગાડાવાટ) થઈને આવ- જા કરે છે. વર્ષ ૨૦૦૮ થી સૌ ગ્રામજનોએ સરકારમાં પાકા રસ્તા માટે દરખાસ્ત કરેલ છે. જિલ્લા પંચાયત, બનાસકાંઠા દ્વારા અધિક્ષક ઈજનેર, કચેરી ગાંધીનગરને તાંત્રિક અહેવાલ પણ મોકલી આપેલ છે. વર્ષ-૨૦૧૬ માં આ રસ્તાને પાકો બનાવવાનો આદેશ પણ કરવામાં આવ્યો હતો. પરંતુ આજદિન સુધી કોઈ જ કાર્યવાહી થયેલ નથી.

જેથી આ વિસ્તારના બાળકોનું શિક્ષણ બગડી રહ્યું છે. દિકરીઓની સલામતીને સુરક્ષાના અભાવે ધો- ૫ પછી અભ્યાસ અટકાવી દેવો પડે છે. સગર્ભા બહેનોને અને વૃધ્ધોને સમયસર સારવાર મળતી નથી. ચૂંટણીમાં મતદાન બૂથ સુધી જઈ શકાતું નથી. ચોમાસામાં કાદવ-કીચડથી ભરપુર આ સમગ્ર રસ્તો જીવલેણ બની જાય છે. જેથી લોકોના જીવન પર માઠી અસર થાય છે.

# કોતરવાડા ગૌશાળામાં ૮૫ ઘાસની ગાંસડીનું વિતરણ


નટુજી ઠાકોર

પ્રતિ. કોતરવાડા

૨૦૧૭ ના પુર અને હાલની કાળઝાળ ગરમીમાં બનાસકાંઠા જિલ્લામાં ઘાસની તીવ્ર અછત વર્તાય છે તેથી પાંજરાપોળ અને ગૌશાળાઓમાં નભતા પશુઓને બચાવવા નાછૂટકે સંચાલકોને સરકાર સામે આંદોલન છેડવું પડ્યું હતું. તેથી સરકાર દ્વારા આ જીવદયાપ્રેમી સંસ્થાઓને ઘાસ પહોંચતું કરવામાં આવી રહ્યું છે. જે અનુસંધાને દિઓદર તાલુકાના કોતરવાડા ગામે આવેલ નકળંગ ગૌશાળામાં પણ જિલ્લા કલેકટરના આદેશથી દાહોદ-લીમખેડાથી ૮૫ જેટલી ઘાસની ગાંસડીઓ ભરેલી ટ્રક આવી પહોંચી હતી. તેથી ભૂખે મરતી ગાયોને ખોરાક મળી જતા સંચાલકોએ પણ હાશકારો અનુભવ્યો હતો.

**પૂર્વ પોલીસનો સપાટો**

# પાલનપુરમાં આઇપીએલની ક્રિકેટમેચ ઉપર સટ્ટો રમાડતો શખ્સ ઝડપાયો : ત્રણ ફરાર

### પૂર્વ પોલીસે રૂ.૨૨૦૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી

પાલનપુર

દેશમાં આઈ.પી.એલ. ક્રિકેટનો જવર જામ્યો છે ત્યારે પાલનપુર પૂર્વ પોલીસે બ્રિજેશ્વર કોલોની ભાગ્યોદય સોસાયટીમાં આવેલા રહેણાંક મકાનમાં આઇપીએલની ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમાડતા એક શખ્સને ઝડપી લીધો હતો. જ્યારે ત્રણ જણા ફરાર થઇ ગયા હતા. પોલીસે મકાનમાંથી રોકડ રકમ તેમજ મોબાઇલ ફોન, એલઈડી, સેટઅપબોક્ષ મળી કુલ રૂપિયા ૨૨૦૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, શહેરની બ્રિજેશ્વર કોલોની ભાગ્યોદય સોસાયટીમાં કેટલાક શખ્સો સટ્ટો રમતા હોવાની બાતમી મળતાં પૂર્વ પોલીસ મથકના સ્ટાફે ઓચિંતો છાપો માર્યો હતો. જ્યાં ચાર શખ્સો આઈપીએલની આર. સી. બી અને સનરાઇઝ હૈદરાબાદની ક્રિકેટ મેચનું એલઈડી ઉપર જીવંત પ્રસારણ જોઇ મોબાઇલ ફોન તથા બોબડી લાઇન ઉપરથી મેચના હારજીતના ભાવ મેળવી સટ્ટો રમતા હતા. જોકે, પોલીસની રેડમાં વિનોદભાઇ ઉર્ફે વિનુ જગદીશભાઇ મોદી ઝડપાઇ ગયો હતો. બાકીના ત્રણ શખ્સો નાસી ગયા હતા. પોલીસે મકાનમાંથી મોબાઇલ ફોન નં. બે, એલઈડી, સેટઅપબોક્ષ તેમજ જુગાર રમવાનું સાહિત્ય મળી કુલ રૂપિયા ૨૨,૦૦૦નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો.

**સટોડીયાઓના નામ**

વિનોદભાઈ ઉર્ફે વિનુ જગદીશભાઈ મોદી (રહે. બ્રિજેશ્વર કોલોની), સૂચિતભાઈ પટેલ (રહે. ઉંઝા), પી. ચોકસી (રહે. પાલનપુર), અશોકભાઈ પ્રજાપતિ (રહે. પાલનપુર).

# ડીસા તાલુકામાં જળસંચયના કામોનું જાત નિરીક્ષણ



ડીસા

બનાસકાંઠા સહિત રાજયના અન્ય વિસ્તારોમાં હાલ જળસંચય અભિયાન અંતર્ગત ચાલી રહેલા કામો પર રાજય સરકારના મંત્રીઓ, અન્ય પદાધિકારીઓ તેમજ અધિકારીઓ પણ સીધી નજર રાખી કામની ગુણવત્તા પર જોર આપી રહ્યા છે ત્યારે ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીએ આજે ડીસા તાલુકાના રામસણ, ઝેરડા અને પમરૂ ગામે જલસંચય અભિયાન હેઠળ ચાલતા તળાવો ઊંડા કરવાની કામગીરીનું જાત નિરીક્ષણ કર્યું હતું.ડીસા તાલુકા ભાજપ મહામંત્રી રમેશભાઈ દેસાઈ તેમજ જીલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ સુમેરસિંહ વાઘેલા તેમજ ભાજપના અન્ય કાર્યકરો સાથે આ ત્રણેય ગામોના તળાવોના કામોનું નિરીક્ષણ કરવા પહોંચેલા ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીનું સ્થાનિક સરપંચો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે મગનલાલ માળીએ ત્રણેય ગામોના તળાવો ઊંડા કરવાની કામગીરીનું બારીકાઈથી નિરીક્ષણ કરી ઉપસ્થિત અધિકારીઓને જરૂરી સૂચના આપી હતી. આ પ્રસંગે મગનલાલ માળીએ જળ સંચયના આ કામો પાણીની તંગી વેઠતા વિસ્તારો માટે આશિર્વાદરૂપ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો

ડીસા તાલુકામાં ચાલી રહેલા જલસંચયના કામોની સફળતા માટે રાજય સરકારના મંત્રીઓ અને હોદ્દેદારોની આવી સક્રિયતા ગ્રામીણ લોકો પણ ખૂબ પ્રભાવિત જણાઈ રહ્યા છે અને જળ સંચયના આ કામો ઉપયોગી બનશે તેવો આશાવાદ વ્યક્ત કરી રહ્યા છે.

# પાંસવાળ ગ્રામ પંચાયતના સભ્યોને વિશ્વાસમાં લીધા વગર બજેટ મંજૂર કરાતા રજુઆત

### ઉપસરપંચ સહિત પાંચ સભ્યોની ટીડીઓ ને રજૂઆત

પ્રતિનિધિ પાંથાવાડા

દાંતીવાડા તાલુકાની પાંસવાળ ગ્રામ પંચાયતના ઉપસરપંચ સહિત પાંચ સભ્યોને વિશ્વાસ માં લીધા વગર પંચાયતના સરપંચ અને તલાટી વિરુદ્ધ ટીડીઓને લેખિત રજુઆત કરાઈ છે.

પાંસવાળ ગ્રામ પંચાયત ના ઉપસરપંચ રાયગોર વિમળાબેન પ્રવિણભાઈ, દેવડા વીણાબેન લચ્છુજી, આકોલીયા શનગરીબેન છગનજી, ભાસતર અરવિંદભાઈ રાયમલજી તથા રબારી રગાભાઈ બાબરાજીએ આક્ષેપ કર્યો છે કે પંચાયત ના સરપંચ અને તલાટી કમ મંત્રીએ અમારી ખોટી સહીઓ કરી પંચાયત ધારાની વિરુદ્ધ જઈ અમને વિશ્વાસમાં લીધા વગર બજેટ મંજુર કર્યું છે.આ ઉપરાંત તેઓ અમો પંચાયતના સભ્યોને વિશ્વાસ માં લીધા વગર વિકાસ કામો કરતાં હોય તેમની વિરુદ્ધ કાયદેસર ની કાર્યવાહી કરવા માંગ છે.

# થરાદમાંથી બે જગ્યાએથી ૫૮૮ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

### પોલીસે બંન્ને સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી

પ્રતિનિધિ થરાદ

થરાદ પોલીસે બાતમીના આધારે બે જગ્યાએથી વિદેશી દારૂની ૫૮૮ બોટલ સાથે બે શખસોની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

થરાદ પોલીસે બાતમીના આધારે શહેરના પ્લોટ વિસ્તારમાં અશ્વિનભાઇ નરેશભાઇ દલિતના રહેણાંકે દરોડો પાડ્યો હતો.દરમ્યાન તેના કબજા ભોગવટામાંથી કિંમત રૂપીયા ૫૨૮૦૦ની કિંમતનો ૫૨૮ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો.પોલીસે રૂપીયા ૫૦૦ના એક મોબાઈલ સહિત ૫૩૩૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો.જ્યારે બીજા બનાવમાં કલ્પેશભાઈ નાગજીભાઇ રાવળના મકાનમાં દરોડો પાડ્યો હતો.જયાંથી રૂપીયા ૬૦૦૦ની કિંમતનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે બંન્ને શખસોની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# ચોડુંગરી ગામે જળ સંચય અભિયાન અંતર્ગત મંત્રી પરબતભાઇ પટેલે તળાવનું નિરક્ષણ કર્યુ



પ્રતિનિધિ દાંતીવાડા

ગુજરાત સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ચાલી રહેલા દાંતીવાડા તાલુકા ચોડુગરી ગામમાં તળાવમાં ખોદકામ કામનું નિરક્ષણ કરતાં જણાવ્યું હતું. આપણા લોકપ્રિય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ગુજરાત તમામ ગામડાઓમાં તા.૩૧મી મે ૨૦૧૮ સુધી સમગ્ર રાજયમાં અંદાજીત ૧૩૦૦૦ જેટલા તળાવો ચેકડેમ ઉડા કરવાના કામો ચાલી રહયા છે. જેમો ખુબ મોટા પ્રમાણ ડમ્પરો ટકટરો ઉપયોગ કરવામા આવી રહયો છે. જેમાં નીકળી રહેલી માટી કોપ ઉપયોગ ગામના ખેડૂતો નીશુક્લ ઉપયોગ કરવા ની છુટ આપવામા આવી છે.

આ પ્રસંગે જિલ્લા ભાજપ પમુખ મેરુજી ધુખ તાલુકા ભાજપ પમુખ નટુભાઈ ચૌધરી ડીરેક્ટર પી.જે.ચૌધરી મહામંત્રી જયંતિભાઈ બાંચાતર દિનેશભાઈ મેવાડા જીતુભાઈ બાંકા અરજણભાઈ રબારી ડે.સરપંચ નારણભાઈ રબારી ઈશ્વરભાઈ ભુતડીયા સરદારભાઈ ડે.એન્જિનિય જે.બી.ગઢવી ઈ.મામલતદાર વિજયભાઈ રબારી ટી.ડી.ઓ. બી.કે જોષી તમેજ બહોળી સંખ્યામાં ગ્રામ જોન ઉપસ્થિત રહયા હતા. સમગ્ર કાર્યકમનું સફળ સંચાલન હેમતાભાઈ સરપંચ કરેલ.

# ડીસા ટેક્ષ બાર એસો.ના હોદ્દેદારોની નિમણુંક




ડીસા

ધી ડીસા ટેક્ષબાર એસોસીએશનની વાર્ષિક સાધારણ સભા તા. ૧૮-૫-૧૮ ને સાંજે ૭-૦૦ કલાકે ડીસાની ડીસન્ટ હોટલમાં મળેલ. જેમાં વર્ષ ૨૦૧૮-૧૯ ના હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવેલ. જેમાં પ્રમુખ તરીકે પ્રધાનજી એસ.પરમાર મંત્રી તરીકે શશીન એ.મેવાડા ઉપપ્રમુખ- તરીકે હસમુખભાઈ દવે અને બીજા ઉપપ્રમુખ તરીકે નરેશ પ્રધાનજી પરમારની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ. તેમજ કારોબારી સમિતિ અને સલાહકાર સમિતિની રચના કરવામાં આવેલ. વર્ષ દરમ્યાન ઈન્કમટેક્ષ તેમજ જી.એસ.ટી. અંગે વ્યાપારી મિત્રો તેમજ વકીલ મિત્રોને પડતી મુશ્કેલીઓ નિવારણ માટે ધી ડીસા ટેક્ષ બાર એસોસીએશન હંમેશા તત્પર રહેશે. તેવી રજુઆત નવીન વરણી થયેલ પ્રમુખ પ્રધાનજી એસ.પરમાર દ્વારા થયેલ.

અનુસંધાન પાના નં.૬

# પાલનપુર બસ સ્ટેન્ડમાં મુસાફરો અને એસ.ટી. કર્મચારીઓને પાણીનાં વલખાં

પાલનપુર

બનાસકાંઠામાં હાલ કાળઝાળ ગરમી આતંક મચાવી રહી છે. આવી સ્થિતિમાં ગરમી સામે રક્ષણ મેળવવા લોકોને પાણીની જરૂરિયાત વધી ગઈ છે.ગરમીના પગલે સેવાભાવી લોકો પરબો શરૂ કરી માનવીય અભિગમની પ્રતીતિ કરાવી રહ્યા છે.જોકે બનાસકાંઠામાં એસ.ટી. નિગમના સત્તાવાળાઓ મુસાફરોને ઉનાળાની આકરી ગરમીમાં પીવાના પાણી જેવી પ્રાથમિક સુવિધા પૂરી પાડવામાં પણ નિષ્ફળ પુરવાર થઈ રહ્યા છે.હાલ જિલ્લા મથક પાલનપુર ખાતેના મુખ્ય એસ.ટી બસ સ્ટેશનમાં પણ નિગમના કર્મચારીઓ ઉપરાંત મુસાફરો પણ પીવાના પાણી માટે વલખા મારી રહ્યા છે.પાલનપુરના બસ સ્ટેશનમાં પાણીનો બોર છે પરંતુ તેનુ પાણી પીવા લાયક ન હોઈ પાલનપુર ડેપોના કર્મચારીઓને ઘરેથી પાણીની બોટલો ભરીને સાથે જ લાવવી પડે છે.આ મામલે વારંવાર એસ.ટી. નિગમના સત્તાવાળાઓ સમક્ષ રજુઆતો કરવા છતા આ સમસ્યાનું આજ સુધી કોઇ જ નિરાકરણ આવ્યુ નથી.પાલનપુર બસ સ્ટેન્ડમાં આવતા અજાણ મુસાફરો પણ આ ન પીવા લાયક પાણી પી રહ્યા છે ત્યારે નિગમના સત્તાધીશો આ મામલાને ગંભીરતાથી લઈ વિના વિલંબે પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવે તે ખૂબ જરૂરી જણાય છે.

# ગામના તળાવો, ચેકડેમો અને નદીઓના વહેણ ઉંડા થવાથી સિંચાઈ ક્ષેત્રે ખેડુતોને ફાયદો થશે - મંત્રી



પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા શહેરમાં રેલ નદી ઉંડી કરવાની કામગીરી, દાંતીવાડા તાલુકાના ચોડુંગરી ગામે તળાવનું કામ અને ડીસા તાલુકાના પમરૂ ખાતે સિંચાઇ અને પાણી પુરવઠા મંત્રી પરબતભાઇ પટેલે સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત ચાલતા તળાવોના કામોનું નિરીક્ષણ કર્યું હતું. સીપુ ડેમ ખાતે મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને સિંચાઇ વિભાગના અધિકારીઓની બેઠક યોજાઇ હતી જેમાં બનાસકાંઠા જિલ્લામાં ચાલતાં જળ સંચયના કામોની સમીક્ષા કરવામાં આવી હતી.

આ પ્રસંગે મંત્રી પરબતભાઇ પટેલે જણાવ્યું કે તા. ૧ લી મે થી મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ રાજય સરકાર દ્વારા સમગ્ર રાજયમાં વિરાટ પાયે જળસંચય અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન થકી ગામના તળાવો, નદીઓના વહેણ, ડેમની સપાટી ઉંડા કરવાનું કામ કરવામાં આવી રહ્યું છે. મંત્રીએ કહ્યું કે સ્વૈચ્છિક સંસ્થાઓ અને એન.જી.ઓ.ની ભાગીદારીથી વિશાળ પાયે જળસંચયના કામો કરવામાં આવી રહ્યા છે. તેમણે ઉમેર્યુ કે આ અભિયાન તા. ૩૧ મે સુધી અવિરતપણે ચાલશે.

મંત્રી પરબતભાઇ પટેલે કહ્યું કે તત્કાલીન મુખ્યમંત્રી અને અત્યારે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ નર્મદા બંધની ઉંચાઇ વધારી ગુજરાતમાં પાણીની કાયમી અછત દૂર કરી છે. તેમણે લોકોને અનુરોધ કરતાં જણાવ્યું કે સારા કામમાં સરકારની સાથે રહી સૌના સાથથી સૌનો વિકાસ કરીએ. મંત્રીએ કહ્યું કે ખેડુતોના ભલા માટે આ સરકાર કામ કરી રહી છે. ગામના તળાવો, ચેકડેમો અને નદીઓના વહેણ ઉંડા થવાથી સિંચાઇ ક્ષેત્રે ખેડુતોને ફાયદો થશે. તેમણે કહ્યું કે રાજય સરકારે માર્ગ અકસ્માતમાં ઘાયલને સારવાર માટે રૂ. ૫૦ હજારની સહાય આપવાની જાહેરાત કરી છે.

અનુસંધાન પાના નં.૬

# મોટા કાપરાથી શક્તિનગર પ્રાથમિક શાળા સુધીના પાકા રોડનું ખાતમુહૂર્ત


નરસિંહ દેસાઈ

### પૂર્વ રાજ્ય સરકારના મંત્રી કેશાજી ચૌહાણના વરદ હસ્તે મુહુર્ત કરાયુ

પ્રતિનિધિ વડાવળ

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા વિકાસના કામોને વેગવંતા બનાવતા ગ્રામીણ વિસ્તારોમાં ઠેરઠેર પાકા રસ્તાઓની સગવડો મળી રહી છે. ત્યારે લાખણી તાલુકાના મોટા કાપરાથી શક્તિનગર પ્રાથમિક શાળા સુધીનો ૨ કિલોમીટર લાંબો પાકો રસ્તો રૂપિયા ૫૪ લાખ જેટલા માતબર ખર્ચથી મંજુર થતા ગતરોજ આ વિસ્તારના પૂર્વ ધારાસભ્ય અને રાજય સરકારના પૂર્વ મંત્રી કેશાજી ચૌહાણના વરદ હસ્તે પાકા રસ્તાનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે લાખણી તાલુકા ભાજપ પ્રમુખ હેમરાજભાઈ ચૌધરી જિલ્લા યુવા ભાજપના મહામંત્રી પ્રકાશભાઈ ઠાકોર, નાંદલા જિલ્લા પંચાયતના સદસ્ય અમિતભાઈ દેસાઈ, સવજીભાઈ ઠાકોર,લાખણી તાલુકા મહામંત્રી ગણેશભાઈ દેસાઈ, કમાજી ઠાકોર, તનેરાજસિંહ વાઘેલા, ગણપતજી ઠાકોર તથા મોટાકાપરા સરપંચ દેહળાજી ઠાકોર સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુરમાં કોંગ્રેસ દ્વારા આતશબાજી


સંજય જોશી

પાલનપુર

કર્ણાટકમાં રાજયપાલના સહારે લોકશાહીનું હનન કરી સત્તા મેળવી પૂરતું સંખ્યાબળ ન હોવાથી ભાજપની યેદુરુપ્પા સરકારને નાટકીય ઢબે રાજીનામુ આપવાની ફરજ પડી હતી. ત્યારે લોકતંત્રની જીત થતા પાલનપુર ખાતે કોંગ્રેસ દ્વારા આતશબાજી કરી વિજ્યોત્સવ મનાવાયો હતો.

ભાજપ સરકારના પતન બાદ કર્ણાટકમાં કોગ્રેસ સત્તાની સમીપ પહોંચતા સમગ્ર રાજયમાં કોંગી કાર્યકરો દ્વારા ખુશી મનાવવામાં આવી હતી. જે અંતર્ગત પાલનપુર ખાતે પણ આતશબાજી સાથે વિજયોત્સવ મનાવાયો હતો. જ્યાં જિલ્લાના ધારાસભ્યો સહિત પદાધિકારીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## જાહેર નોટીસ

મોજે ભોયણ તા.ડીસાના રે.સ.નં.૬/૧, પ્લોટ નં.૭૩ શેત્રુંજય રેસીડેન્સીવાળી મિલકત શ્રી ભરતભાઈ મહાદેવભાઈ ભોલાતર એલ.ટી.૮૧ આદર્શ કો-ઓપરેટીવ બેંક લી., વી.એમ.બ્રાન્ચ ડીસા દ્વારા જાહેર હરાજીથી વેચાણ કરવા નોટીસ તા.૨૬-૦૩-૨૦૧૮ બેંકે પેપરમાં આપેલ.

સદર હરાજી તા.૨૭-૦૪-૨૦૧૮ ના રોજ રાખતા કોઈ ઈસમે હરાજીમાં ભાગ લીધેલ નહી. સદર હરાજી લંબાવતાં તા. ૧૦-૦૫-૨૦૧૮ ના રોજ રૂ.૮,૨૫,૦૦૦/- ની ઓફર આવેલ. ત્યારબાદ સદર ઓફર અંગે તા.૧૧-૦૫-૨૦૧૮ ના રોજ ફરીથી લોકલ ન્યુઝ પેપર રખેવાળ દૈનિકમાં નોટીસ આપતા તા.૧૧-૦૫-૨૦૧૮ ના રોજ રૂા.૮,૬૦,૦૦૦/- ની શ્રીમતી છાયાબેન રમેશભાઈ શર્મા તથા શ્રી રમેશભાઈ રામાજી શર્માની ઉંચામાં ઉંચી ઓફર આવેલ સદર બંને ઈસમોને તા.૧૮-૦૫-૨૦૧૮ ના રોજ બેંકમા બોલાવી હરાજી કરતાં પ્રથમ રૂ.૮,૨૫,૦૦૦/- કિસનગીરી તથા રાહુલગીરી તેઓની ઓફરથી વધુ રકમ ન બોલતાં રૂ.૮,૬૦,૦૦૦/- નો ઓફર તા.૧૧-૦૫-૨૦૧૮ ની ફાઈનલ થયેલ છે.

આ નોટીસથી ૠણી તથા જામીનદારને જણાવવામાં આવે છે કે આ નોટીસથી દિન - ૩૦ માં ખાતું ચૂકતે કરી એન.ઓ.સી મેળવી લેવા વિનંતી છે. વળી સદર હરાજી બાબતે જાહેર જનતાને જણાવવામાં આવે છે કે સદર બાબતે જો કોઈ વાંધા/સુચન હોય તો દિન-૩૦ માં લેખિતમાં જાણ કરવા વિનંતી છે.

તારીખ : ૧૮-૦૫-૨૦૧૮ આદેશથી

સ્થળ : ડીસા આદર્શ કો-ઓપરેટીવ બેંક લી.,

## તંત્રી સ્થાનેથી ...

**અધિક ધનથી માણસમાં આળસ વધે છે...**

# શિક્ષણ વિભાગની નબળી કામગીરીની સમીક્ષા થવી જોઈએ

દેશના કેટલા રાજ્યોમાં રાજ્ય સરકાર દ્વારા ગુણવત્તાયુક્ત વહીવટ ચાલતો હશે? આ બાબતે સરકાર તરફથી સમીક્ષા થઈ હશે ખરી? રાજ્ય સરકારો દ્વારા જે તે યોજનાઓ બહાર પાડવામાં આવે છે તે યોજનાઓનો લાભ રાજ્યમાં કેટલા લોકોને પ્રાપ્ત થયો હશે? જો કે આ અંગે ગૃહમાં ક્યારેય અહેવાલ પ્રકાશિત થયો હશે? ત્યારે ગુજરાત સરકાર એક તરફ ગુણવત્તાયુક્ત વહીવટ આપવાની વાત કરે છે તો બીજી તરફ શિક્ષણ વિભાગમાં જ નબળી કામગીરી હોય તેવા કર્મચારીઓના કરાર લંબાવી આપવાનો વિવાદસ્પદ નિર્ણય કર્યો છે.

સર્વશિક્ષા અભિયાન હેઠળ તાલુકા કક્ષાએ કામગીરી બજાવતા બીઆરપી આઈ.ઈ.ડી. અને રિસોર્સ ટીચર્સમાંથી અનેકની કામગીરી નબળી હોવાનું તંત્રએ સ્વીકાર્યું છે, તેમ છતાં તેમને ફક્ત તાકીદ કરીને એપ્રિલ- ૨૦૧૯ સુધીના કરાર નવેસરથી કરી દેવામાં આવ્યા છે. સરકારમાં કેવી રીતે વહીવટ ચાલી રહ્યો છે. તે બાબતે આ નિર્ણય ઉત્તમ ઉદાહરણ કહી શકાય. નબળી કામગીરી કરે તેવા કર્મચારીઓને પણ શિક્ષણ જેવા મહત્વના વિભાગમાં નોકરીએ ચાલુ રાખવા પાછળ કયા અધિકારીઓ જવાબદાર છે તે બાબત પણ મહત્વની છે. સર્વ શિક્ષા અભિયાનના સ્ટેટ પ્રોજેક્ટ, કો- ઓર્ડિનેટર, જિલ્લા શિક્ષણાધિકારીઓ તેમજ અમદાવાદ- સુરત, રાજકોટ અને વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારીઓ અને જિલ્લા પ્રોજેક્ટ કચેરીઓને એક પત્ર પાઠવીને સુચના પાઠવવામાં આવી હોવાનું કહેવાય છે. આમાં સ્પષ્ટ જણાવ્યું છેકે જે કર્મચારીઓના કરાર મે- ૨૦૧૮ માં પૂર્ણ થઈ રહ્યા છે. તેમની કામગીરી મૂલ્યાંકન ઉપરી અધિકારી અને સ્ટેટ આઈઈઈડી, કો- ઓર્ડિનેટર દ્વારા પૂર્ણ કરવામાં આવી છે.

જે કર્મચારીઓની નબળી કામગીરી હતી તેમના કરાર પણ હાલ પુરતા કામગીરી સુધારવાની એક તક આપી આવા કર્મચારીઓના કરાર પણ તા.૩૦/૪/૨૦૧૮ સુધીના સમયગાળા માટે ફિક્સ મહેનતાણાથી લંબાવી આપવામાં આવેલ છે. જે કર્મચારીઓની નબળી કામગીરી છે તેમને ઉચ્ચ કક્ષાના અધિકારીઓએ સખત તાકીદ આપવાની રહેશે કે જો નબળી કામગીરી ધરાવતા કર્મચારીઓ આવતા વર્ષે પણ ફરીથી તેમની કામગીરી નબળી જણાશે તો તેમના કરાર રીવ્યુ કરી આપવામાં આવશે નહિં. વર્તમાન સરકારમાં અનેક વિભાગમાં કર્મચારીઓ કરાર કે પછી ફિક્સ પગાર પર ફરજ બજાવી રહ્યા છે. તેમની કામગીરીનું મૂલ્યાંકન કેવી રીતે થાય છે અને કેટલાના કરાર રીવ્યુ કરવામાં આવે છે કે તેમને રૂખસદ આપવામાં આવે છે તે સવાલ હાલમાં ઉપસ્થિત થઈ રહ્યો છે.

શિક્ષણ જેવી મહત્વની કામગીરી સાથે સંકળાયેલા કર્મીઓને પણ નબળી કામગીરીની જાણકારી હોવા છતાં રિવ્યુ કરવામાં આવે તો જે કર્મચારી ઉત્સાહથી શ્રેષ્ઠ કામગીરી કરી રહ્યા છે. તેમની મનોબળ ઉપર પણ ભવિષ્યમાં વિપરિત અસર પડી શકે છે. ખરેખર સર્વશિક્ષા અભિયાન હેઠળની કામગીરીની સમીક્ષા થવી જોઈએ.

## 'હિચકી'નું વર્લ્ડ ટેલિવિઝન પ્રીમિયર જુઓ, ૨૬ મે ના રોજ રાત્રે ૯-૦૦ કલાકે, ફક્ત સોની મેક્સ પર



બોક્સ ઓફિસ પર સફળતા મેળવનાર અને દર્શકો પાસેથી વખાણ મેળવ્યા બાદ, રાની મુખર્જીની મુખ્ય ભૂમિકા વાળી ફિલ્મ 'હિચકી'નું હવે સોની પિક્ચર્સ નેટવર્ક્સના નં- ૧ હિન્દી મૂવી ચેનલ સોની મેક્સ પર ૨૬ મે, ૨૦૧૮ના રોજ રાત્રે ૯ કલાકે વર્લ્ડ વાઈડ ટેલિવિઝન પ્રીમિયર પ્રસ્તુત કરવામાં આવી રહ્યું છે. આ ફિલ્મનું ડાયરેક્શન સિદ્ધાર્થ પી. મલ્હોત્રાએ કર્યું છે. આની વાર્તા એક એવી મહિલાની છે કે જેણે પોતાની સૌથી મોટી નબળાઈને જ પોતાની સૌથી મોટી તાકાતમાં ફેરવી દીધી. "કેટલીક વાર્તાઓ એવી હોય છે કે જે તમારી લાઈફમાં પરિવર્તન લાવે છે, તમને પ્રેરણા પણ આપે છે. હિચકી ફક્ત ટૉરેટ સિન્ડ્રોમથી પીડિત કોઈ છોકરીની વાર્તા નથી કે જે ટીચર બનવા માંગે છે. આ ભિન્ન-ભિન્ન બેકગ્રાઉન્ડમાંથી આવનાર સ્ટૂડન્ટ્સની પણ વાર્તા છે. હિચકી ઘણા બધા પેરેન્ટ્સ, સ્ટૂડન્ટ્સ અને ટીચર્સમાં આવાં જટિલ ન્યૂરૉલટજિકલ ડિસઓર્ડર પ્રતિ ચેતના જગાવશે. એવાં ઘણાં બધાં બાળકો, જેમને ટૉરેટ છે, તેઓ સમજે છે કે તેઓ જીવનમાં આગળ નથી વધી શક્તાં કારણકે જિંદગીએ તેમણે બરાબરીની તક નથી આપી. પરંતુ આ વિચારણા ખોટી છે. સાચી વિચારણા એ છે કે, પોતાની હિચકીઓ પર જીત કઈ રીતે પ્રાપ્ત કરી શકાય. રસ્તાની મૂશ્કેલીઓને દૂર કઈ રીતે કરી શકાય અને કઈ રીતે વિજેતા બનીને સામે આવી શકાય આ ફિલ્મ આ જ બધું શીખવે છે." નૈના માથુર (રાની મુખર્જી) ટીચર બનવા માંગે છે પરંતુ તે ટૉરેટ સિન્ડ્રોમથી પીડિત છે. ઘણી જગ્યાએ ઈન્ટરવ્યૂ આપવા અને વારંવાર રિજેક્ટ થવા બાદ પણ તે હિમંત નથી હારતી અને અંતતઃ શહેરની સૌથી પ્રખ્યાત સ્કૂલમાં ફુલટાઈમ ટીચર બનવાના પોતાના સપનાને સાકાર કરી બતાવે છે. પરંતુ જલ્દી જ તેને ખબર પડી જાય છે કે તેને જે ક્લાસ ભણાવવા માટે આપવામાં આવ્યો છે તેમા ખૂબ જ તોફાની અને કોઈનું ન સાંભળવાવાળા બાળકો જ ભરાયેલ છે,જે દરરોજ કોઈ નવી મુશ્કેલી ઊભી કરી દે છે. કેટલીક શરૂઆતની મૂશ્કેલીઓ બાદ નૈનાએ પોતાની દરેક પ્રકારની કોશિશ કરી ને પોતાના સ્ટુડેન્ટ્સને તેમની સાચી ક્ષમતાનો અહેસાસ કરાવી દીધો જેનાથી તેઓ દરેક મૂશ્કેલીઓનો સામનો કરવાનું શીખી શકે.રાની મુખર્જીનું એવોર્ડ વિનિંગ પર્ફોર્મન્સ જૂઓ, ૨૬ મેના રોજ રાત્રે ૯-૦૦ કલાકે, ફક્ત સોની મેક્સ પર.

## સમરની શરૂઆત લડાકુઓ સાથે કરવા માટે તૈયાર રહો!



શું આપણી અંદર સુપર પાવર હોવી જોઈએ અથવા આપણી પાસે એવો ફ્રેન્ડ હોવો જોઈએ જે સુપરહીરો હોય એવું ક્યારેય ગોપનીય રીતે ઈચ્છ્યું છે? ફ્રેન્ડ એવો કે સમાજમાં ખોટું કરનાર સામે લડે? તો વધુ વાટ જોવાની જરૂર નથી, કારણ કે સોની રૂછરૂ! આ સમરમાં આ સપનું સાકાર કરવા માટે સુસજ્જ છે. પ્રસ્તુત છે બોય નેક્સ્ટ ડોર, ચેમ્પિયન, ફ્રેન્ડ, હીરો... ચેનલે તેની નવી સિરીઝ કિકો અને સુપર સ્પીડો લોન્ચ કરવાની જાહેરાત કરી છે, જે દેશના નવી સુપરહીરોને જીવંત કરશે.એકશન- કોમેડી શોમાં સુપરહીરો કિડ કિકો અને તેની વિશેષ ગેજેટ કાર સુપર સ્પીડોનાં સાહસો છે. દરેક એપિસોડમાં આ બંને ડાયનેમિક જોડી સન સિટીને બચાવવા માટે વિલન અને તેમની કાર સામે લડે છે. બાળકોને સૌથી વધુ ગમે છે કે સુપર પાવર્સથી પ્રરિત કિકોની કાર રિસ્ટવોચ આર૭માંથી ઊભરી આવે છે, જે દરેક એપિસોડમાં ઉચ્ચ ગુણવત્તાનું ૩ડી એનિમેશન અને સીટ પર જકડી રાખતા રોમાંચ થકી બાળકોની કલ્પનાઓને મઢી લેવા માટે વચનબદ્ધ છે.જોતા રહો એકશન- કોમેડી, દરરોજ બપોરે ૧૨, સોમવાર ૨૧ મેથી શરૂઆત, ફક્ત સોની રૂછરૂ! પર.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

II Our Experience is Your Treasure II
ISO 9001:2015 CERTIFIED
Investment Point
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy



Nikhil Bhatt
Research Analyst - SEBI
+91 99793 80808

# શેરબજારમાં ઉછાળે નફારૂપી વેચવાલી યથાવત

## ઇન્વેસ્ટમેન્ટ પોઈન્ટ // નિખિલ ભટ્ટ // : સમીક્ષા સમય : ૨૧.૦૫.૨૦૧૮ થી ૨૫.૦૫.૨૦૧૮

### રોકાણકાર મિત્રો, આનંદ ને ...!

મિત્રો, વૈશ્વિક બજારના હકારાત્મક સંકેત અને ભારતના અર્થતંત્રમાં અર્નિંગ ગ્રોથને વેગ મળવાની આશાએ એપ્રિલના પ્રારંભથી બજારમાં તેજી આવી હતી સાથે સાથે કંપનીઓનાં ચોથા ક્વાર્ટરનાં અત્યાર સુધીનાં નાણાકીય પરિણામ મિશ્ર રહ્યાં છે અને તે એકંદરે બજારની ધારણા કરતાં નીચાં રહ્યાં છે તેનાથી વર્ષ ૨૦૧૮ /૧૯ના નાણાકીય વર્ષના અર્નિંગના અંદાજમાં થોડો ઘટાડો થઈ રહ્યો છે આમ છતાં અર્નિંગમાં મજબૂત રિકવરી આવશે તેવી અપેક્ષા ઘણી ઊંચી છે. નોટબંધી અને જીએસટીના અમલને કારણે વર્ષ ૨૦૧૭ - ૧૮ના નાણાકીય વર્ષમાં અર્નિંગ ગ્રોથ ઘટ્યા હતો જો કે આ બે મહત્ત્વના સુધારા બાદ અર્થતંત્ર સ્થિર બન્યું છે તેથી અર્નિંગ ગ્રોથમાં ફરી ઉછાળો આવવાની ધારણા છે. આ ઉપરાંત વૈશ્વિક અર્થતંત્રમાં સુધારાથી આવી આશા વધુ પ્રબળ બનશે.આઈએમએફે વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯ ના કેલેન્ડર વર્ષ માટે વૈશ્વિક આર્થિક વૃદ્ધિદરના અંદાજને વધારીને ૩.૯% કર્યો છે.

મારા મતે નિફ્ટી કંપનીઓનો ઈપીએસ વૃદ્ધિદર વર્ષ ૨૦૧૮ / ૧૯ માં ૨૦% રહેવાની શક્યતા છે જે વર્ષ ૨૦૧૭-૧૮ માં ૮% હતો. હાલનું બજારનું સેન્ટિમેન્ટ અને અંદાજ દરેક ઘટાડે મજબૂત લાગે છે આની સાથે અગ્રણી ઈન્ડિકેટર્સ બજારના રિસ્ક પ્રોફાઈલને પણ હાઈલાઈટ કરે છે. ફુગાવો વધીને વર્ષ ૨૦૧૭ / ૧૮ના બીજા છ મહિના માટેના ૪.૫ %ના આરબીઆઈના ટાર્ગેટે પહોંચ્યો છે. સીપીઆઈ ફુગાવો પણ વધીને ૪૪ મહિનાના ઊંચા સ્તરે પહોંચ્યો છે.ડોલર સામે રૂપિયો ગબડીને ૬૭.૮૫ના ૧૬ મહિનાના નીચા સ્તરે પહોંચ્યો છે.ચાલુ ખાતાની ખાધ વધીને જીડીપીના ૨% થઈ છે. ક્રૂડ ઓઈલના વૈશ્વિક ભાવ ચાલુ વર્ષે અત્યાર સુધી ૫૦% ઊછળીને બેરલ દીઠ ૭૮ ડોલર થયા છે. બોન્ડની યીલ્ડ પણ ૭.૯% ના ત્રણ વર્ષની ઊંચા સ્તરે છે જે ભવિષ્યમાં ઊંચા વ્યાજદરનો સંકેત આપે છે. આ ઉપરાંત બજારનું વેલ્યુએશન ટ્રેઈલિંગ બેસિસે વધીને ૨૩ ગણું છે આ તમામ પરિબળો ચિંતાજનક છે તેનાથી છેલ્લાં બેથી ત્રણ વર્ષના અસાધારણ વળતરની સરખામણીમાં આ વર્ષે તંદુરસ્ત વળતર ન મળવાની ધારણા છે. આપણે બજારમાં સારો દેખાવ કરવા માટે વધુ સાવધ બનીને સ્ટોક કે સેક્ટર સ્પેસિફિક અભિગમ અપનાવવાની જરૂર છે. ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો અને રૂપિયામાં નરમાઈથી સપ્તાહ દરમિયાન વોલેટિલિટી ચાલુ રહી હતી અને રોકાણકારો સાવધ બન્યા હતા.બોન્ડની યીલ્ડમાં વધારો અને દબાણયુક્ત લોન માટેની વહેલાસરની જોગવાઈથી બેન્કો અને ફાઈનાન્શિયલ શેરો દબાણમાં રહ્યા હતા. જો કે કેટલીક કંપનીઓનાં સારાં નાણાકીય પરિણામ અને અમેરિકામાં ધારણા કરતાં નીચા ફુગાવાથી બજારમાં તેજી આવી હતી.અમેરિકામાં નીચા ફુગાવાથી ફેડ દ્વારા વ્યાજદરમાં ઝડપી વધારાની ચિંતા હળવી બને છે આની સાથે રોકાણકારોને કર્ણાટકની ચૂંટણીમાં ભાજપ માટે હકારાત્મક ગતિવિધિની આશા હતી અને તેથી તેઓ ઉત્સાહમાં હતા.ચૂંટણીના રિઝલ્ટના દિવસે મતગણતરીના પ્રારંભિક ટ્રેન્ડથી બજારમાં તેજી આવી હતી પરંતુ મતગણતરીને અંતે ભાજપને સ્પષ્ટ બહુમતી ન મળતાં બજારમાં ઉછાળો ધોવાઈ ગયો હતો. જો કે રાજ્યની ભાવિ રાજકીય સ્થિતિને ધ્યાનમાં ન લઈએ તો પણ કહી શકાય છે કે આ ઈવેન્ટથી બજાર વધુ ગહન બનશે કારણ કે વર્ષ ૨૦૧૯ માં લોકસભાની ચૂંટણીમાં ભાજપના દેખાવ અંગેની ચિંતા હળવી થઈ છે.

તાજેતરની રાજ્યોની ચૂંટણીમાં ભાજપના દેખાવમાં ઉત્તરોત્તર સુધારો થઈ જોવા મળ્યો છે.ભૂતકાળમાં જોવા મળ્યું છે કે રાજ્ય અને લોકસભાની ચૂંટણીથી ઈક્વિટી માર્કેટના ટ્રેન્ડમાં મોટો ફેરફાર થતો નથી પરંતુ તેનાથી સાપ્તાહિક કે માસિક ધોરણે વોલેટિલિટી (પોઝિટિવ કે નેગેટિવ) વધે છે.આ ઈવેન્ટ પૂરી થઈ હોવાથી બજાર હવે આર્થિક પરિબળો પર ધ્યાન કેન્દ્રિત કરશે. આર્થિક પરિબળો તાજેતરના સમયગાળામાં નિરાશાજનક રહ્યા છે. ઈંધણ અને ખાદ્યાન્ન ચીજવસ્તુઓના ભાવમાં ઉછાળાને કારણે એપ્રિલમાં સીપીઆઈ અને ડબલ્યુપીઆઈ ફુગાવો વધીને ૪.૫૮ ટકા અને ૩.૧૮ ટકા થયો હતો. એફઆઈઆઈ પણ આ મહિનામાં વેચવાલી કરી રહી છે. રૂપિયો અને બોન્ડની યીલ્ડમાં પણ વોલેટિલિટી રહેવાની ધારણા છે.

### સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીયે તો....

ભારતીય ઈક્વિટીઝમાંથી વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફપીઆઈ)ના આઉટફ્લોઝની સરખામણીએ વર્તમાન કેલેન્ડર વર્ષમાં સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ) દ્વારા ઈક્વિટીઝમાં નોંધપાત્ર નાણાં ઠલવાઈ રહ્યા છે. વર્ષ ૨૦૧૮ના પ્રારંભથી અત્યાર સુધીમાં ડીઆઈઆઈએ એફપીઆઈ કરતા ૧૦ ગણા નાણાં ઠાલવ્યા હોવાનું પ્રાપ્ત આંકડા જણાવી રહ્યા છે.ઈક્વિટીઝમાં એફપીઆઈની નેટ ખરીદી રૂપિયા અંદાજીત રૂ ૪૪૩૦.૪૪ કરોડ રહી છે જ્યારે આની સામે ડીઆઈઆઈએ રૂપિયા અંદાજીત રૂ ૩૭૫૧૫.૭૭ કરોડનો નેટ ઈન્ફલોઝ કર્યો છે.રૂપિયામાં નબળાઈ અને વિદેશમાં વધી રહેલા વ્યાજ દરોને કારણે એફપીઆઈ દ્વારા ભારતીય ઈક્વિટીઝમાંથી નાણાં પાછા ખેંચાઈ રહ્યા છે અને ઈન્ફલોઝ પણ ઓછો આવી રહ્યો છે.મિત્રો હાલમાં મ્યુચ્યુઅલ ફન્ડ હાઉસો, નાણાં સંસ્થાઓ અને વીમા કંપનીઓ સહિતની ડીઆઈઆઈ ભારતીય ઈક્વિટીઝ માર્કેટમાં સક્રિય છે. ક્રુડ તેલના ભાવમાં વધારાને કારણે દેશની ચાલુ ખાતાની ખાધ વધવાની અપેક્ષા છે અને નીચી વેરા વસૂલીને કારણે રાજકોષિય ખાધ દબાણ હેઠળ આવવાની ધારણાં છે આને કારણે એફપીઆઈમાં નિરાશા ઊભી થઈ છે. ગત ફેબ્રુઆરી માસમાં ડીઆઈઆઈ દ્વારા અંદાજીત રૂપિયા ૧૭૨૨૬.૪૯ કરોડની નેટ ખરીદી રહી હતી જ્યારે એફપીઆઈની અંદાજીત રૂપિયા ૧૧૪૨૨.૯૦ કરોડની નેટ વેચવાલી રહી હતી.

૧ એપ્રિલથી દેશમાં ઈક્વિટીઝ પર લાગુ થયેલા લોન્ગ ટર્મ કેપિટલ ગેઈન ટેકસને કારણે પણ વિદેશી રોકાણકારોનું આકર્ષણ સહેજ ઘટ્યું હોવાનું જણાયું છે.ભારતીય ઈક્વિટીઝના મૂલ્યાંકનો હાલમાં ઊંચા છે જ્યારે અમેરિકામાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સ્થાનિક કંપનીઓને પ્રોત્સાહન આપવાની નીતિઓ ઘડી રહ્યા છે જેને કારણે આ કંપનીઓની ઈક્વિટીઝ તરફ આકર્ષણ વધ્યું છે. મ્યુચ્યુઅલ ફન્ડોના સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી)માં જોરદાર ઈન્ફલોઝને જોતા આ નાણાં ઈક્વિટીઝ માર્કેટમાં આવવાની વકી છે આમ ભારતીય ઈક્વિટીઝમાં ડીઆઈઆઈનો પ્રવાહ જળવાઈ રહેશે. ડોલર સામે અન્ય દેશોની કરન્સી પણ નબળી પડી રહી હોવાથી એફપીઆઈ દ્વારા આ દેશો ખાતેથી પણ રોકાણ પાછા ખેંચાઈ રહ્યા છે. દક્ષિણ કોરિયા, ફિલિપાઈન્સ, તાઈવાન જેવા દેશોમાંથી એફપીઆઈ રોકાણ પાછા ખેંચી રહ્યાનું જોવા મળી રહ્યું છે.

### મિત્રો, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૮ -૧૯ માં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા....

વિદેશી સંસ્થાઓના વાર્ષિક રોકાણ સંદર્ભે જોઈએ તો ફેબ્રુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૧૮,૬૧૯ કરોડની વેચવાલી, માર્ચ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૭૯૦૪.૮૫ કરોડની ખરીદી, એપ્રિલ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૯૬૨૦.૫૬ કરોડની વેચવાલી તેમજ ૧૭ મે ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૫૭૫૯.૯૬ કરોડની વેચવાલી કરવામાં આવી હતી.

### ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૭ -૧૮ માં સ્થાનિક સંસ્થાઓના રોકાણકારો દ્વારા...

મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૨૭૭.૦૬ કરોડની ખરીદી, જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૭૬.૧૧ કરોડની ખરીદી, જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૭૮૬.૩૭ કરોડની ખરીદી, ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૬૨૦૫.૨૨ કરોડની ખરીદી, સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૧,૦૨૫.૫૩ કરોડની ખરીદી, ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૦૦૯૦.૯૧ કરોડની ખરીદી, નવેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૪૩.૨૧ કરોડની ખરીદી, ડીસેમ્બર ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૮૧૪૨.૮૮ કરોડની ખરીદી, જાન્યુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૩૯૮.૭૩ કરોડની ખરીદી, ફેબ્રુઆરી ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૧૭,૮૧૩ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ.૬૬૯૩.૯૧ કરોડની ખરીદી, એપ્રિલ ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ. ૮૬૬૩.૮૮ કરોડની ખરીદી તેમજ ૧૭ મે ૨૦૧૮ સુધીમાં અંદાજીત રૂ. ૭૨૩૬.૯૯ કરોડની ખરીદી કરવામાં આવી હતી.

### બજારની ભાવિ દિશા.....

મિત્રો,કર્ણાટકનાં ચૂંટણીનાં પરિણામને પગલે નિફ્ટી ફ્યુચર અંદાજીત ૧૦૯૪૮ પોઈન્ટ ની ઉંચી સપાટીએ ટ્રેડ થયેલ.કર્ણાટક ભાજપ ચુંટણી માં સૌથી મોટા પક્ષ તરીકે ઊભર્યો છે.નિફ્ટી પણ મજબૂત સ્તરે ટ્રેડ થઈ પરંતુ ચૂંટણીનાં રિઝલ્ટ બાદ થોડું પ્રોફિટ બૂકિંગ આવ્યું હતું. ગયા સપ્તાહે મધ્યપૂર્વમાં ભૂ-રાજકીય ગતિવિધિની વચ્ચે નિફ્ટી ફ્યુચર અંદાજીત ૧૦૮૦૮ પોઈન્ટ ના અવરોધને પાર કરવામાં સફળ થયો હતો. મેટલ, એનર્જી અને બેન્કિંગ શેરો તેજીમાં મોખરે રહ્યા છે, જ્યારે ફાર્મા, મીડિયા અને આઈટી શેરોએ ઊતરતો દેખાવ કર્યો હતો.તાજેતરની તેજીને એનર્જી, ફાઈનાન્શિયલ્સ અને મેટલ્સ શેરોએ વેગ આપ્યો છે જ્યારે બીજા સૂચકાંકો સ્થિર રહ્યા હતા.ટેક?નિકલ દૃષ્ટિએ જોઈએ તો એમએસીડીમાં સાપ્તાહિક ધોરણે બાય સિગ્નલ મળે છે જે સૂચવે છે કે બજારનો મધ્યમ ગાળાનો અપટ્રેન્ડ મજબૂત બની રહ્યો છે. આ ઉપરાંત રાહતની વાત એ છે કે ભારતનો વીઆઈએક્સ ઈન્ડેક્સ ૧૪થી નીચા સ્તરે રહ્યો છે.વીઆઈએક્સમાં ઘટાડો સંકેત આપે છે કે જો કે બજારના રોકાણકારો માટે કર્ણાટકના રિઝલ્ટની ચિંતા ન હતી કારણ કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહ ની કુનેહપૂર્વકની રાજકીય રણનીતિ અને કર્ણાટકના રાજ્યપાલ શ્રી વજુભાઈ વાળા ની કાયદાકીય નિર્ણયશક્તિનો પરિચય સૌને હતો જ...!! આ પરિણામ થી ભાજપ સતા સ્થાને આવી ગયું પરંતુ જે રીતે સમયાનુસાર મે મહિનામાં નફારૂપી વેચવાલીનું પ્રેશર આવે છે તેના લીધે બ્લુચીપ તેમજ મિડ-કેપ શેરો વેચવાલીના દબાણ હેઠળ આવ્યા છે અને માર્કેટબ્રેડ્થ નેગેટિવ રહી છે. આમ છતાં મુખ્ય બેન્ચમાર્ક સૂચકાંકો વધ્યા છે.નિફ્ટીનો પુટ કોલ રેશિયો (ૅઝઈ) આશરે ૧ની નજીક છે, જે દર્શાવે છે કે પુટ રાઈટર્સ વધુ સક્રિય છે અને બજારમાં જે કરેક્શનની અપેક્ષિત ધારણા હતી તે યથાયોગ્ય હતી પરંતુ જો નિફ્ટીૅઝઈ ૧.૫૦ જેવા સ્તરે હોય ત્યારે આપણે બજારમાં વધુ અપમૂવની ધારણા રાખી શકીએ છીએ. ચૂંટણી પહેલાં એફઆઈઆઈએ આશરે ૪૦૦મિલિયન ડોલર પાછા ખેંચી લીધા હતા પરંતુ હકારાત્મક પાસું એ છે કે એફઆઈઆઈ તેમના સાવચેત વલણમાં ઘટાડો કર્યો છે. ઈન્ડેક્સ ફ્યુચરમાં શોર્ટ પોઝિશન આશરે ૨૩ મિલિયન ડોલરની રહી હતી.હાલમાં નિફ્ટીના પુટમાં સૌથી વધુ ઓપન ઈન્ટરેસ્ટ ૧૦૫૦૦ ના સ્ટ્રાઇક પ્રાઈસે છે અને નવા પુટ રાઈટિંગ ૧૦૬૦૦ના સ્તરે છે. સૌથી વધુ કોલ ઓપન ઈન્ટરેસ્ટ ૧૧૦૦૦ના સ્તરે છે તેથી આપણને આ સ્તરે નજીકના અવરોધની ધારણા રાખી શકીએ છીએ. નિફ્ટી ફ્યુચર ૧૧૨૦૦ એ કોલ રાઈટિંગ જોવા મળ્યું છે, જે દર્શાવે છે કે બજારના ખેલાડીઓ તબક્કાવાર વધુ બુલિશ બની રહ્યા છે. ટ્રેડર્સે પોઝિટિવ ધારણા સાથે ક્ષેત્રો અને શેરો માટે પસંદગીનો અભિગમ અપનાવવો જોઈએ. હજુ પણ હું ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (ઓએમસી) માટે નેગેટિવ વલણ ધરાવું છું કારણ કે ઈંધણના ભાવમાં તાજેતરના વધારાથી સંપૂર્ણ નુકસાન ભરપાઈ થતું નથી. તેથી ટૂંકા ગાળા માટે આ ક્ષેત્ર માટે નેગેટિવ છીએ. નિફ્ટી અપટ્રેન્ડલાઈનથી ઊંચે ટ્રેડ થઈ રહ્યો છે અને હવે ટૂંકા ગાળાનો સપોર્ટ ૧૦૮૦૮ પોઈન્ટ ની ઉપર જ તેજીલક્ષી ટ્રેન્ડ ધ્યાને લેવો.બાકી મારા મતે " તબક્કાવાર નફો બુક કરે એ જ શાણો રોકાણકાર "...કેમ ખરું ને ....!!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!! મિત્રો, ખેર હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી અંદાજીત ....શેરબજારની રુખ





**નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** નિફ્ટી ફ્યુચર તા. ૧૪/૦૫/૨૦૧૮ ના રોજ ૧૦૮૧૦ પોઈન્ટ ખુલીને ૧૦૫૮૬ પોઈન્ટના નીચા મથાળે થી ૧૦૯૪૭ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૩૬૧ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૨૧૨ પોઈન્ટના ઘટાડે ૧૦૬૦૮ પોઈન્ટ બંધ થયેલ...!!!

**બેન્ક નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** બેન્ક નિફ્ટી ફ્યુચર તા. ૧૪/૦૫/૨૦૧૮ ના રોજ ૨૬૪૧૧ પોઈન્ટ ખુલીને ૨૫૮૧૦ પોઈન્ટના નીચા મથાળેથી ૨૬૯૨૬ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૧૧૧૬ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૪૭૯ પોઈન્ટના ઘટાડે ૨૫૯૨૦ પોઈન્ટ બંધ થયેલ...!!!...!!

### નિફ્ટી ફ્યુચર બંધ (૧૦૬૦૮)

આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૫૩૩ પોઈન્ટના પ્રથમ અને ૧૦૪૭૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૧૦૬૪૬ પોઈન્ટથી ૧૦૬૭૦ પોઈન્ટ, ૧૦૭૦૭ પોઈન્ટની અતિ મહત્વની નીચી સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૭૦૭ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ (૨૫૯૨૦)

આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૦૨૬ પોઈન્ટના પ્રથમ અને ૨૬૧૨૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસ ટ્રેડિંગ સંદર્ભે ૨૫૯૦૯ પોઈન્ટથી ૨૫૮૮૦ પોઈન્ટ, ૨૫૮૦૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૧૨૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### ટ્રેડીગ સંદર્ભે ફ્યુચર સ્ટોક ધ્યાને લઈએ તો ......

૧) **HDFC** બેન્ક ( ૨૦૧૪ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ આ ફ્યુચર સ્ટોક રૂ.૧૯૯૦ ના પ્રથમ સપોર્ટથી ખરીદવાલાયક...!! બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૨૦૩૩ થી રૂ.૨૦૪૭ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે....!!

૨) લાર્સેન લિમિટેડ ( ૧૩૨૪ ) :- આ સ્ટોક રૂ.૧૩૦૮ નો પ્રથમ તેમજ રૂ.૧૨૯૦ ના બીજો અતિ મહત્વનો સપોર્ટ ધરાવે છે. ફ્યુચર ટ્રેડીંગ સંદર્ભે ફન્ડામેન્ટલ આ સ્ટોક રૂ.૧૩૩૭ થી રૂ.૧૩૫૦ સુધી ની તેજી તરફ રુખ નોંધાવશે...!!

૩) ડિવિઝ લેબ ( ૧૧૬૧ ) :- ૮૦૦ શેર નું ફ્યુચર ધરાવતો આ સ્ટોક રૂ.૧૧૪૪ નો પ્રથમ તેમજ રૂ.૧૧૩૦ ના સ્ટ્રોંગ સપોર્ટથી ખરીદવાલાયક ફાર્મા સેક્ટરનો આ સ્ટોક સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી રૂ.૧૧૭૩ થી રૂ.૧૧૮૦ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા છે....!!

૪) સેન્ચુરી ટેક્ષટાઈલ ( ૧૦૬૭ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૦૮૮ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૧૦૯૩ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૧૦૪૪ થી રૂ.૧૦૩૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૧૦૮ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!

૫) બાટા ઈન્ડિયા ( ૭૫૪ ) :- રૂ.૭૬૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૭૭૪ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! ટૂંકાગાળે રૂ.૭૪૨ થી રૂ.૭૩૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૭૮૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!

૬) ટેક મહિન્દ્રા ( ૬૯૫ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૭૧૩ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૭૨૭ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૬૮૬ થી રૂ.૬૮૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૭૩૩ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!

### હવે જોઇએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક સ્ટોક......

૧) અવધ સુગર ( ૩૩૦ ) :- સુગર ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૩૧૬ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૩૦૯ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૩૪૭ થી રૂ.૩૬૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૩૬૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) સોરિલ ઈન્ફ્રા રિસોર્સીસ ( ૨૭૫ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૨૬૪ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૨૫૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૨૮૮ થી રૂ.૨૯૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) અગરવાલ ઈન્ડ કોર્પ ( ૨૫૬ ) :- રૂ.૨૪૧ નો પ્રથમ તેમજ રૂ.૨૨૭ ના બીજા સપોર્ટથી સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૨૭૩ થી રૂ.૨૮૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે ....!!!

૪) **UCAL** ફ્યુલ સિસ્ટમ ( ૨૫૬ ) :- ઓટોપાર્ટસ સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૨૭૩ થી રૂ.૨૮૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૨૪૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) ધામપુર સુગર ( ૮૨ ) :- રૂ.૭૬ નો પ્રથમ તેમજ રૂ.૬૮ ના સ્ટોગ સપોર્ટથી સુગર સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૮૯ થી રૂ.૯૩ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

૬) દાલમિયા સુગર ( ૫૬ ) :- સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૫૧ આસપાસના સપોર્ટથી ડિલેવરીબેઈઝ રોકાણ રૂ.૬૨ થી રૂ.૬૭ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

૭) ક્રેસ્ટ વેન્ચર્સ લી. ( ૧૮૫ ) :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૧૭૩ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ.૧૯૩ થી રૂ.૨૦૨ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

૮) ઓરિએન્ટ સિમેન્ટ ( ૧૨૩ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૧૮ આસપાસ રોકાણકારે રૂ.૧૩૧ થી રૂ.૧૩૭ ના ટાર્ગેટ ભાવની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટુંકાગાળે રૂ.૧૦૯ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

### રોકાણ સંદર્ભે સ્મોલ સેવિંગ્ઝ સ્ક્રીપો ધ્યાને લઈએ તો

૧)**KILITCH** ડ્રગસલિ ( ૮૫ ) :- ફાર્મા સેક્ટરનો આ સ્ટોક ડિલેવરીબેઈઝ રૂ.૯૨ થી રૂ. ૯૭ ના ભાવની સંભાવના ધરાવે છે...!! રૂ.૭૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

૨) ભુષણ સ્ટીલ ( ૨૭ ) :- ડિલેવરી બેઈઝ રોકાણકારે સ્ટીલ સેક્ટરનાં આ સ્ટોકને રૂ.૨૩ ના અતિ મહત્વના સપોર્ટ થી ખરીદવા લાયક સાપ્તાહિક ટ્રેડિંગ સંદર્ભે રૂ.૩૧ થી રૂ.૩૫ સુધીની તેજી તરફી રુખ નોંધાવશે....!!!

૩) ખાંડવાલા સિક્યોરિટીઝ ( ૧૯ ) :- ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૭ નો પ્રથમ તેમજ રૂ.૧૫ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક ફાઈનાન્સ સેક્ટર નો આ સ્ટોક ટુંકાગાળે રૂ.૨૨ થી રૂ.૨૭ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શકયતા...!!

૪) **TGB** હોટ-લ્સ ( ૩૫ ) :- રૂ.૩૦ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૪૨ થી રૂ.૪૮ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૪૮ ઉપર તેજી તરફી ધ્યાન.....!!

**નિફ્ટી ફ્યુચર રેન્જ ૧૦૪૭૪ થી ૧૦૭૦૭ પોઈન્ટ ધ્યાને લેશો.....!!**

# રસ માધુરી

★ રાજકારણ ★ જીંદગીનું ચિંતન ★ વાર્તા વિનોદ
★ વ્યંગ કથા ★ ફિલ્મસીટી અને તમામ પ્રકારની વાનગીઓ...


## કેપ્સુલ

વિનોદ : તારી પત્ની હંમેશાં ગુસ્સામાં જ કેમ રહે છે ?

અજય : મેં એકવાર તેને ભૂલથી કહી દીધું હતું કે તે ગુસ્સામાં પણ ખૂબ સુંદર લાગે છે.

૦૦૦

છોકરો : તું ખૂબ સારૂ ગાય છે.

છોકરી: અરે ના, હું તો બાથરૂમ સિંગર છું.

છોકરો : તો બોલાવને ક્યારેક, ત્યાં જ મહેફિલ જમાવીએ.

૦૦૦

પહેલો અધિકારી : તું સોનામાં કેમ ભરતી થયો.

બીજો અધિકારી : એટલા માટે કે મારે પત્ની નથી અને હું લડાયક મિજાજનો છું, પરંતુ તું કેમ ભરતી થયો ?

પહેલો અધિકારી : મારે પત્ની છે અને હું શાંતિ ઈચ્છું છું.

૦૦૦

એક યુવક ગધેડા સામે પડી ગયો. એક સુંદર યુવતીએ તે જોઈને કહ્યું, “તારા મોટાભાઈના ચરણસ્પર્શ કરી રહ્યો છે ?”

યુવક બોલ્યો : હા, ભાભી

૦૦૦

પતિ : મહિલાઓ પોતાના મગજની સરખામણીએ પોતાની સુંદરતા પર વધારે ધ્યાન કેમ આપે છે ?

પત્ની : કારણ કે પુરૂષ ભલેને ગમે તેટલો મૂરખ કેમ ન હોય. આંધળો નથી હોતો.

૦૦૦



# જો મને અલ્લાદીનનો જીન મળે તો ?

**કંઈક નરમ કંઈક ગરમ** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

કેટલાકને વિચિત્ર સવાલો પુછવાની ટેવ હોય છે. કેટલાક હાથે કરીને એવા સવાલો ઉભા કરે છે જે સવાલ સાંભળતાં વાંચતાં પ્રશ્ન પુછનારને ધબેડી નાખવાનું મન થાય. એક જમાનામાં બાદશાહ અકબરને આવા સવાલો પેદા કરવાની, પુછવાની ટેવ હતી. બિરબલ આપણા રાજયમાં કાગડા કેટલા છે. જો કે બિરબલે સામે કહ્યું નહીં. અકબરજી આવા સવાલ સામે આપના રાજયને શું લેવા દેવા છે ?બિરબલ બોલ્યો નહીં અને અકબરને પાનો ચડયો. પછીના થોડા દિવસ પછી પુછ્યું.. આપણા રાજયમાં આંધળા કેટલા છે ? ત્યારે પણ બિરબલે કહ્યું નથી. આંધળાઓની સામે તમારે શું કરવાનું છે ? છાનામાના રાજય સંભાળોને..

એ બિરબલ હતો.એણે વળી કયારેય કહ્યું નથી. આવા બોગસ સવાલો પુછીને પગાર કેમ વસુલ કરો છો કોઈક બીજા મંત્રીને પુછોને..

આમ આવી રીતે શકય છે. બાદશાહ અકબર એમનો ટાઈમપાસ કરતા હોય મારી ઓફિસના સાહેબનો જ દાખલો લો..મારો દાખલો લો..સાહેબને સવાલો પુછવાની ટેવ છે.. અને મારે જાણે જવાબ આપવાની ફરજ બને છે.. જોકે આમ સવાલ જવાબ થવાથી મારા બોસ સાહેબ અકબર નથી.. હું વળી બીરબલ નથી. જે દિવસે એ ઓફીસે વહેલા યાદ મુકયા હોય ત્યારે મને અચુક સવાલ પુછે જ.

ગઈ ઉતરાયણના ત્રણ દિવસ પહેલા એમણે મને સવાલ પુછ્યો હતો. મિસ્ટર બારોટ. માણેકચોકમાં થઈને તમે પસાર થતા હોવ.. અને લાલ રંગનો પતંગ કપાઈને આવે તો તમે શું કરો ?

આખો સવાલ સાંભળીને તો હું સ્તબ્ધ થઈ ગયેલો. મારા અંદર રહેલો બારોટ જીવ ખળભળી ઉઠેલો. મારે પણ ઓફિસ સમયે આવા બાલીશ સવાલો પુછનારનો બંદોબસ્ત કરવો જોઈએ.. હું પીચ પર સજ્જ થયો.

બોસ પતંગ લાલ કેમ ?

કારણ કે લાલ રંગ ભલે ને લોહી કેરી હોય પણ તમને ગમે છે. લાલ સાડીવાળી, ડ્રેસવાળી, લાલ બુટવાળી...

સામે છેડે હું ખામોશ રહ્યો. સાહેબ તો પુરા સનકમા આવી ગયા હતા. આખરે ઉતરાયણનો તહેવાર નજીક હતો અને મારી ધીરજનો અંત લાવવા બાંયો ચડાવીને કહ્યું, બોસ લાલ રંગનો પતંગ..માણેકચોક મધ્યે મારૂં એકટીવા થોભાવી એને લુંટું.. આઘે હોય તો હું એની પાછળ પડું જાનના જોખમે શરમની ઐસી તૈસી કરી એ પતંગ પકડી બીજા દિવસે એ આપના ચરણોમાં ધરૂં.. હું આપને લાલ ગુલાબનું ફુલ તો આપીને ફુલ થઈ શકતો નથી પરંતુ ઉતરાયણના પાવન પર્વે પતંગ તો આપી શકું ને.. મેં કહ્યું..

સાહેબના હસ્યા ના મારી સામે નજર મિલાવી એમણે કોટના ખિસ્સામાંથી ટચુકડો કાંસકો ટાલ પર ના રહ્યા સહ્યા ત્રણ ચાર વાળ ઓળવાનો મિથ્યા પ્રયાસ કર્યો. કાંસકામાં ફુંક મારી યથાસ્થાને મુકી દીધો. કેટલીક ક્ષણો ખામોશ રહી.. પછી મેં કહ્યું..આપ પણ લાલ રંગના શોખીન છો ને.. લાલ રૂમાલ.. લાલ કાંસકો અને હું પછી ચુપ થતો બહાર આવેલો.

ઘણાને સવાલો પુછવાનો સનક હોય છે. પણ કેવા સવાલો પુછવા જોઈએ એનું ભાન નથી હોતું..

આ બાબત મેં મારા ઘેર પ્રિય પત્ની રેણુને કહી હતી. એ કહે, તમારા સાહેબને આવા બોગસ સવાલો પુછવા સિવાય બીજું કોઈ કામ છે કે નહીં ? જો કામ ન હોય તો રોજ એમના માટે મેથી.. તાંદળજો.. અરે પાલકની ભાજી બેટવા લઈ જવી.. તુવેરો અને વટાણા પણ લઈ જજો..

પત્નીએ કહ્યું પણ એણે મને સુચવેલો જોખમી પ્રયોગ કરી શકયો નથી. પત્ની રેણુ શું કામ હું તો મારી ઓફિસના પટાવાળાને પણ પુછી ચુકયો છું. આ આપણા સાહેબ મને આવા સવાલો શું કામ પુછતા હશે ?

મારી ઓફિસનો એક માત્ર આંતરરાષ્ટ્રીય પટાવાળો તમાકુ ચોળતા ચોળતા કહે.એ તો સાહેબ ને તમારી પર ઝાઝો પ્રેમ છે. એટલે બાકી મને કયાં સવાલ પુછે છે.. મને સવાલ પુછવાની એમની વળી તાકાત કયાં ?

હેં સાહેબની (મારા) પટાવાળાને પુછવાની તાકાત નથી ?

એ પટાવાળાએ ત્રણ દિવસ પછી મને કહેલું, બારોટ ભઈઈઈ.. માનો કે ના માનો.. પણ તમારા બંનેનું કનેકશન અકબર અને બિરબલ સાથે હોવું જોઈએ.**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## કેવા ગ્રહો માનું મૃત્યુ કરે ?

જીવન એ આવાગમન કરતો હોય છે તે પોતાનો જુનો દેહ છોડી નવા દેહમાં પ્રવેશ કરે છે અને આમ સૃષ્ટીનું ચલન થતું હોયછે. જન્મે પણ મૃત્યુ ન પામે તો સૃષ્ટી જેમની તેમ જ રહે છે પણ જન્મ મરણ કુદરતની દેન છે. જે એક જગ્યાએ જન્મ થાય છે તો બીજે જગ્યાએ અમુકનું મરણ થતું જોવા મળે છે. કહી ખુશી કભી ગમ અને આ બધું જ જીવનચક્ર છે. કેવા ગ્રહોમાં જન્મનાર બાળકની માંનું અમુક થોડાક જ વર્ષમાં મૃત્યુ થાય છે.




જે જાતકની જન્મકુંડળીમાં પ્રથમ ભાવમાં ગુરૂ બીજા ભાવમાં, શની અને સાતમા ભાવમાં રાહુ હોય તો આમ થતું હોય છે.ઉપાયમાં જન્મનાર બાળકના ગ્રહોમાં ગુરૂ, શની અને રાહુના જાપ કરવાથી તેની માતાનું આયુષ્ય લાંબુ થતું હોય છે. સાથે સાથે યથાશકિત જીવજંતુને દાન પુણ્ય કરવું.

દ્રષ્ટાંત કુંડળી : અત્રે આપેલ દ્રષ્ટાંત કુંડળીમાં પ્રથમ ભાવમાં ગુરૂ મીથુનનો છે. બીજા ભાવમાં શની કર્કનો છે અને સાતમા ભાવમાં રાહુ ધનનો છે. જે ઉપરનો યોગ બનાવે છે.

**જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા**
**(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

# સંદેશા વ્યવહારમાં કબૂતરોનું અદ્ભૂત યોગદાન

**અજબ ગજબની દુનિયા** — કમલેશ કંસારા

કબૂતરોનો સંદેશાવાહકના રૂપમાં લેવામાં આવેલ સેવાઓના દિલચશ્પ કિસ્સાઓ ઈતીહાસમં સુવર્ણ અક્ષરે નોંધાયેલા છે. પ્રાચીન કાળથી જ વિશ્વભરમાં કબૂતરોનો સંદેશા પહોંચાડવા માટે ખુબ જ કુશળતાપૂર્વક ઉપયોગ લેવામાં આવ્યો છે. સિકંદરના આક્રમણ બાદ ૩૨૨ ઈ.સ. પૂર્વે ભારતમાં જ્યારે ચંદ્રગુપ્ત મૌર્યનું રાજય સ્થાપીને વિશાળ સામ્રાજય જમાવ્યું ત્યારે આધુનિક અફઘાનીસ્તાન અને મ્યાંનમાર એના સામ્રાજયમાં સામેલ હતા.

આટલા વિસ્તૃત ભૂમિ સામ્રાજયમાં સંદેશાની વ્યવસ્થાને માટે કબૂતરોની સેવા લેવાના પ્રમાણો પ્રાપ્ત થાય છે. કૌટીલ્યનું અર્થશાસ્ત્ર, વિશાખાદત્તનું મુદ્રારાક્ષસ જેવા ગ્રંથોમાં પણ તત્કાલીન યુગની સંદેશા વ્યવસ્થામાં કબૂતરોની ઉલ્લેખનીય સેવાઓનો ઉલ્લેખ મળે છે. એમનો ઉત્તરાધિકારી બિન્દુસાર અને અશોક મહાનના સમયમાં પણ કબૂતરોનો સંદેશા વિનિમય ડાકસેવાનો મુખ્ય આધાર માનીને ઉપયોગ કરવામાં આવતો હતો.

ત્યારબાદના ગુપ્ત, સાતવાહન, હર્ષવર્ધનના યુગમાં પણ કબૂતરોની સેવાનો ઉલ્લેખ ઈતિહાસમાં જોવા મળે છે. આઈન એ અકબરીનખા રચયિતા અબુલ ફઝલે મોગલ શહેનશાહ અકબરના સમય (૧૫૫૫-૧૬૦૫ ઈ.સ.)માં ખુબ જ વિશાળ સંખ્યામાં કબૂતરોની સેવાનો ઉલ્લેખ મળી આવે છે. એ સંભવ છે કે કબૂતરોનો બીજો ઉપયોગ આનંદ પ્રમોદના માટે પણ કરવામાં આવતો હશે પરંતુ મોગલકાળમાં કબૂતરો દ્વારા હજારો માઈલના અંતર સુધી સમાચારો મોકલવાને માટે કબૂતરોનો ઉપયોગ કરવામાં આવતો હતો.

સમ્રાટ જહાંગીરે તો કબૂતરોને પ્રશિક્ષણ આપવાની પણ વિશેષ વ્યવસ્થા કરી હતી. એમના સમયમાં માન્ડુથી બુરહાનપુરની વચ્ચે સંદેશાની આપ લે કરવામાં આવી હતી. પ્રાચીન યુનાનમાં રાણી કીલયોપેટ્રાએ પોતાના પ્રેમી ઍંટોનીને રોમમાં કબૂતરો દ્વારા સંદેશો મોકલવાનો ઉલ્લેખ ઈતિહાસમાં નોંધાયેલો છે.રોમન સામ્રાજયમાં પણ કબૂતરો દ્વારા સંદેશા મોકલવાની પરંપરા વિકસીત થઈ હતી. ૧૮૧૫ ના વર્ષમાં નેપોલીયન બોનાપાર્ટની વોટર લુની લડાઈમાં પરાજય થતાં એનો સંદેશો કબૂતરો દ્વારા જ ઈંગ્લેન્ડ પહોંચાડવામાં આવેલો. પ્રથમ વિશ્વયુધ્ધ ૧૯૧૪-૧૮ માં પણ કબુતરોની સેવા અત્યંત પ્રશંસનીય રહી હતી.મેજર ફાઉલર તો કબૂતરોથી એટલા બધા પ્રભાવીત હતા કે તેઓ ગુપ્ત સંદેશાઓ પણ કબૂતરોના માધ્યમથી મોકલતા હતા.પ્રથમ વિશ્વયુદ્ધમાં જયારે બ્રીટીશ સેના જંગના મેદાનમાં શત્રુના ક્ષેત્રમાં રસ્તો ભુલી ગઈ ત્યારે એમ ૧ નામના કબુતરે બ્રિટીશ સેનાને સાચો રસ્તો બતાવીને આખી બટાલીયનના સૈનિકોના પ્રાણોની રક્ષા કરી હતી. બીજા વિશ્વયુદધમાં જ્યાર વાયરલેસ સેવા અસફળ થઈ હતી. ત્યારે કબૂતરો દ્વારા સંદેશા મોકલીને અદ્ભૂત કરીશ્મા દેખાડયો હતો. અમેરીકાની પ્રસિદ્ધ સમાચાર એજન્સી રાયટર (રાઈટર) અને ન્યુયોર્ક ઈવનીંગ જનરલે કબૂતરોનો ઉપયોગ સુચનાઓ, સંદેશાઓની આપ લે કરવાને માટે ઘણા લાંબા સમય સુધી એમનો ઉપયોગ કર્યો હતો.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# કાશ્મીરમાં સ્થિર થયેલા આતંકી સંગઠનોને પડકારવા સરકારે કાયદાની લગામ મજબુત બનાવવી જોઈએ

**દ્રષ્ટીકોણ** — ચંદ્રશેખર ત્રિવેદી

કાશ્મીરના યુવાનોને કોઈ આખો રસ્તો બતાવે તેમ નથી. કેમ કે રાજયમાં વધુમાં વધુ યુવાનો આતંકવાદમાં જોડાઈ રહ્યા છે. ગત વર્ષે ૧૨૩ યુવાનો આતંકી બન્યા હતા. જે અગાઉના વર્ષ કરતાં ૪૪ ટકાનો જંગી વધારો દર્શાવે છે. ૨૦૧૫ માં ૬૬ અને ૪૪ ટકાનો જંગી વધારો દર્શાવે છે. ૨૦૧૫ માં ૬૬ અને ૨૦૧૬ માં ૮૮ યુવાનો આતંકીબન્યા હતા.અત્રે નોંધવું ઘટે કે ૨૦૧૬ માં હિઝબુલના આતંકી બુરહાનબાનીને ઠાર કર્યા બાદ વધુ યુવકો આતંકવાદ તરફ પ્રેરીત થયા છે. જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી મહેબુબા મુફતી સ્થિર શાસન ચલાવી શકશે નહીં અને વળી સૈનિકો પર પથ્થરમારો કરનારા યુવાનો પર જે કેસો ચાલે છે તે તમામ કેસો પરત ખેંચી લેવાની વિચારણા કરી છે. જો આવુ થાય તો બીજા ઘણા વડાપ્રધાનો આતંકી સંગઠનોમાં જોડાશે. સૈનિકો પર પથ્થરમારો કરશે અને સરકાર તેઓને મુકત કરી દેશે. આ કઈ રીતનો ન્યાય ? ગુન્હો કરવો અને ગુનેગારને બાઈજ્જત મુકત કરી દેવો તે આપણા કાયદાનું ઉલ્લંઘન કહી શકાય.

જે યુવાનો આતંકવાદમાં જોડાયા છે તેમના પરિવાર, માતા પિતા તરફથી કોઈ માનવીય અભિગમ કેમ દર્શાવાયો નહીં હોય. આંતકીઓનું જીવન કેવું હોય છે તેનો અંદાજ આજના કાશ્મીરી યુવાનોને હશે નહીં. હંમેશા કોઈ પણ આતંકી ગમે તે ક્ષણે કોઈપણ સ્થળે જવાનોના હાથે ઠાર થયા વિના રહેશે નહીં. જંગલ અને પહાડોમાં રખડીને જીવનનો અંત લાવવા આતુર બનેલા કાશ્મીરી યુવાનો સાથેના કેસો પરત ખેંચવાનો વિચાર કાશ્મીરના મુખ્યમંત્રીની ભુલ કહેવાય. સ્વપ્નેય આવું વિચારવું જોઈએ નહીં. યુવાનોને આતંકી રસ્તો ત્યજી દેવો હોય તો જ તેમના કેસો પરત ખેંચવા જોઈએ.

જે લોકોનો ઘર પરિવાર કે સમાજ સાથે કોઈ નાતો નથી. તેવા યુવાનો આતંકી સંગઠનમાં જોડાય છે અને જીંદગી ઝેર સમી બનાવી મુકે છે. ઓસામા બીન લાદેન જેવા આતંકી આ દુનિયામાં રહ્યા નથી, ટકી શકયા નથી તો કાશ્મીરી યુવાનો કેટલા દિવસ સુધી આતંકી બનવાની મજા માણશે. એક સારા નાગરિક બનીને રહેવું અને પોતાની કેરીયર સુધરવા માટે જો પ્રયત્નો કરવામાં આવે તો કાશ્મીરી યુવાનો જીવનમાં ખરી મજા માણી શકશે નહીં તો ગમે તે ઘડીએ એક ગોળી તેમના જીવનનો અંત લાવી દેશે.

પાકીસ્તાની સૈનિકો જ હવે આતંકી બની ચુકયા છે. તેમના માટે સૈનિક શબ્દ યોગ્ય નથી. કેમ કે અંકુશ રેખા પર હજી ભારે તોપમારો ચલાવી રહ્યા છે અને રાજોરી પુંચ વિસ્તારમાં કાયદાને પોતાના હસ્તક લઈને જે પરિસ્થિતિ પેદા કરી છે તેનાથી રહીશોનું જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે.

જમ્મુ કાશ્મીરની નિષ્ક્રીય સરકાર હાલમાં આતંકીઓ વિરૂદ્ધ કાર્યવાહી કરી શકે તેમ નથી. કેમ કે રાજયમાં આતંકીઓની સાથે પાક.સૈનિકોની ઘુસણખોરી જારી રહેવા પામી છે. હમણાં જ દેશની જનતાને આશ્ચર્ય થયું કે લશ્કર એ તોયબાના આતંકીઓ એક હોસ્પિટલમાં ત્રાટકીને બે જવાનોને ઠાર કરી એક આતંકીને છોડાવી ગયા છતાં સરકાર આ બાબતે કંઈ જ કરી શકી નથી. ખરેખર તો ગૃહમાં સરકારે પોતાનું નિવેદન સ્પષ્ટ કરવું જોઈએ. કેમ કે કાયદો વ્યવસ્થા હવે માત્ર કાગળ પરનું ચિતરામણ જ રહ્યું છે. કાશ્મીરમાં આ બનેલા બનાવ બાદ સરકાર બીજા કોઈ બનાવની રાહ જોતી બેઠી છે કે શું ? **અનુસંધાન પાના નં.૬ ઉપર**

# લોભામણા શબ્દો : ફકત માત્ર અને બોનાન્ઝા..!

**દેખ કબીરા** — હંસામૃત વાલમીયા

આપણા દેશમાં અમાનવીય વેપારની પરિપાટી અન્ય દેશો કરતી કંઈક જુદી છે. આપણા વેપારી બંધુઓ ગ્રાહકને મન મુકીને છેતરવા કેટલીક લોભામણી અને આકર્ષક જાહેરાતનાં બેનરો લગાવે છે. ખરેખર આ દેશ વેપારી આલમ માટે પ્રસિદ્ધ થયો. જેમાં આપણા ગુજરાતનો નંબર નેવુંના ક્રમે આવે છે.. દેખ કબીરા..

આપણા વેપાર કરનાર લગભગ પચ્ચાસ ટકાથી વધારે વેપારીઓ બિલબુક રાખતા નથી. બિલબુકની જગ્યાએ માત્ર આપેલું ડીલીવરી ચલણ આપવામાં આવે છે. આ ચલણ માત્ર જે તે વેપારીની દુકાને અને ખરીદનારના ખિસસા સુધી ચાલતું હોય છે. ખરૂં બિલ આપવા માટે સેલ્સટેક્ષ, વેટ ટેક્ષ અને એક્સ્ટ્રાનેટ ટેક્ષ એડ કરી વેચાણનું સ્ટેટમેન્ટ પ્રત્યેક મહીને ઓફિસરને ફરજીયાત આપવું પડે છે. વેપારી આ બધી પ્રોસેસમાંથી પસાર થઈ શકે તેમ ન હોઈ તેને કોઈ પણ સો ટકા ટેક્ષ એડવાઈઝરીની સવેતન સલાહ લઈ કામ કરવું પડે છે.

આપણા સ્ટેટના વેપારીઓ જે બીલ કાચું બીલ કે જાંઘડ બીલ આપે છે તેમાંનીચે એક સુંદર સુચના આપેલી હોય છે. ગુડસ વન્સ સોલ્ડ વીલ નોટ ટેકન બેક.. બસ આવા સોદામણા શબ્દો માલતી એકંદર ગુણવત્તા ઉપર અસર કરે છે. ગ્રાહકને જો એવું છાપીને બતાવ્યું હોય કે ‘ઈફ ગુડસ હેવનોટ કવોલીફાઈડ વી વીલ બી ટેકન બેક.. પણ આ વિવિધ વેપારીને ગ્રાહકને લુંટવાની ગળાકાપ સ્પર્ધા હોય છે.દેખ કબીરા ફકત શબ્દ એ ઓન્લી શબ્દનો પર્યાયવાચી છે અને માત્ર એટલે

ન મને અચંબો થઈ જાય કે ખરેખર આટલું બધું સસ્તુ મેળવવાની આ સાજીશ છે.. એથી લોકો પડાપડી કરે છે અને કન્ડમ માલ સૌથી પહેલાં વેચાઈ જાય છે.. દેખ કબીરા.. આવા રૂપકડા અને ચટપટી કરનારા શબ્દો વળી જે તે માલના ઢગલાબંધ વેચાણ માટે બુધવાર બોનાન્ઝા અને સસ્તો સેટરડે.. આવા શબ્દો આપણી ગુજરાતની બહેનોને સૌથી વધારે અસર કરી જાય છે. એટલે આપણી બહેનોના સાથ સહકારથી સરેઆમ ખુલ્લમખુલ્લા વેપારને મોકળાશ મળે છે જે વેપારી વર્ગ માટે ઝરતા મહુડા જેવી આવક રહે છે.

દેખ કબીરા.. આપણા વેપારી આલમને સત્યમ્ શિવમ્ સુંદરમ્ વાળી થિયરી ચમકાવવાની જરૂર છે. ગુજરાતના પ્રત્યેક વેપારી વર્ગને વર્ષમાં બે વાર ઓરીએન્ટેશનની જરૂર છે. આ અંગે સરકાર અને સ્વૈચ્છિક સંગઠનોએ એક થવાની જરૂર છે. વેપારી માટે દરેક કસ્ટમર ઉર્ફે ગ્રાહક એ તેના માટે આવતો મહામુલો અતિથિ છે એવી ગાંધીબાપુની વાત પણ પ્રત્યેક સેલ્ટેક્ષ ઓફિસરોના ટેબલ પાસે જઈ રજુ કરવાની જરૂર છે. દેખ કબીરા.. ગ્રાહકને નુકશાન કે ગ્રાહકને જરૂરીયાતના ભોગે તેનું શોષણ કરવું એટલે સમગ્ર સમાજ અને દેશનું શોષણ કરવા બરાબર છે..

હલકી ગુણવત્તાવાળો માલ ટપોટપ ખપી જાય અને ગ્રાહકને નુકશાન આપવું એવા લોભામણા, સોહામણા શબ્દોનું બેનર બનાવતાં પહેલાં અથવા તેની જાહેરાત કરતાં પહેલાં જે તે વિગતે સેલ્ટેક્ષ કમીશ્નરની પરવાનગી લેવી જરૂરી છે.

દેખ કબીરા.. સેલટેક્ષ, વેટટેક્ષ અને એડેડ વેટટેક્ષ ન ભરનાર તમામ વેપારી વર્ગનું એનઓસી રદ કરવું જોઈએ અને વેપારીને કડક તેમજ નાણાંકીય સજા કરવાની જોગવાઈ કરવી જોઈએ.

**.ડો. બી. પાટણ વાડીયા**
**(અમદાવાદ)**
**મો.૯૬૦૧૮૯૭૦૪૧**

# રણબીર ફ્રેન્ડ કરતા પણ વધુ હોવાની આલિયાની કબુલાત

બોલિવુડમાં યુવા પેઢીના સૌથી લોકપ્રિય અભિનેતા રણબીર કપુરના આલિયા ભટ્ટ સાથે સંબંધોને લઈને ભારે ચર્ચા છે. રણબીર કપુર હાલમાં પોતાની ફિલ્મ સંજુના પ્રમોશનમાં વ્યસ્ત છે. બીજી બાજુ આલિયા પણ પોતાની ફિલ્મ રાજીના પ્રમોશનમાં વ્યસ્ત છે. આવી સ્થિતીમાં બન્ને સાથે નજરે પડી રહ્યા છે. રણબીર કપુર સાથે પોતાના પ્રેમ સંબંધોને લઈને છેલ્લા કેટલાક દિવસથી હેવાલ આવી રહ્યા છે ત્યારે હવે આલિયા ભટ્ટે પણ સંબંધના મામલે ખુલાસો કર્યો છે. આલિયા ભટ્ટે કહ્યુ છે કે તે રણબીર કપુરની ખુબ નજીક છે. પ્રેમ સંબંધો અંગે પુછવામાં આવતા શરૂઆતમાં આલિયાએ પ્રશ્નને ટાળવાનો પ્રયાસ કર્યો હતો. જો કે અંતે આલિયાએ કહ્યુ હતુ કે રણબીર કપુર સાથે તેના સંબંધ ફ્રેન્ડ કરતા વધારે છે. આલિયાએ કહ્યુ હતુકે રણવીર સિંહ સાથે તેના કોઈ લિંક અપ નથી. તેનુ કહેવુ છે કે રણબીર કપુરની સાથે તે એક ફિલ્મમાં પણ કામ કરી રહી છે. રણબીર સાથે સંબંધોને લઈને વારંવાર અહેવાલ આવી રહ્યા છે તે અંગે પુછવામાં આવતા આલિયાએ પરોક્ષ રીતે સંબંધ હોવાની કબુલાત કરી હતી. અફેયરના હેવાલ હમેંશા હાસ્યાસ્પદ અને આનંદ આપે છે. પહેલા પણ તેના સંબંધો જુદા જુદા કલાકારો સાથે હોવાના હેવાલને લઈને આવતા રહ્યા છે. રાજી ફિલ્મ રજૂ કરવામાં આવી છે. ફિલ્મના નિર્દેશન તરીકે મેઘના ગુલજાર છે. ફિલ્મમાં આલિયા ભટ્ટ ઉપરાંત વિક્કી કોશલ અને રજિત કપુર સોની રાજદાન કામ કરી રહ્યા છે. આ ફિલ્મ ૧૧મી મેના દિવસે આજે રજૂ કરવામાં આવી હતી. ફિલ્મના ગીતો ગુલઝાર દ્વારા લખવામાં આવ્યા છે. આલિયા ભટ્ટે ફિલ્મમાં શાનદાર ભૂમિકા અદા કરી છે. તેના રોલની ચારેબાજુ પ્રશંસા થઈ રહી છે.

બોલિવુડમાં તમામ કલાકારો તેમની પ્રશંસા કરી રહ્યા છે. આલિયા પોતાની કેરિયરની શરૂઆત કરણ જોહરની ફિલ્મ મારફતે કર્યાબાદથી સતત સફળ સાબિત થઈ રહી છે. સ્ટુડન્ટ ઓફ ધ યર મારફતે તેની કેરિયર શરૂ થઈ હતી. વરૂણ ધવન અને સિદ્ધાર્થ મલહોત્રા દ્વારા પણ આ ફિલ્મ મારફતે કેરિયર શરૂ કરવામાં આવી હતી.

# દિકરાનું વચન

**એનું નામ છે જીવન** — નટવર હેડાઉ

સવારથી સુરજ તપવા લાગ્યો હતો. વરસાદ તો જાણે કે હાથતાળી દઈને ગાયબ થઈ ગયો હતો. છેલ્લા અઠવાડીયામાં અનામતની રેલીઓ અને પછી ફાટી નીકળેલાં તોફાનોને કારણે હમણાંથી શાકભાજી વેચવા વાળા ફેરીયા શેરીમાં આવતા ઓછા થઈ ગયા હતા. એકાદ લારી આવતી તો તેના પર સ્ત્રીઓનું ટોળું મધમાખીની જેમ ઝપટી પડતું હતું. શાકભાજીની લારીવાળો પણ મોકો જોઈને ડબલ ભાવ બોલતો છતાં શાકભાજી વેચાઈ જતા હતા. હું આ બાબત અંગે હજુ તો વિચાર કરતો હતો ત્યાં શ્રીમતીજીએ કહ્યું તમે બહાર જવાના હો તો શાકભાજી લાવવાનું ભુલતા નહીં.

લાવ થેલી આમ પણ બે ત્રણ દિવસથી નેટ અને વોટસઅપ બંધ છે.ટીવીની ચેનલોમાં એકના એક સમાચારો જોઈને કંટાળો આવી ગયો છે. લાયબ્રેરી બાજુ જવું છે તો સાથોસાથ મોટાં માર્કેટમાંથી તાજાં શાકભાજી અને ફળો પણ લઈ આવીશ.. મેં થેલી લીધી અને નીકળી પડયો..

શાકમાર્કેટમાં પહોંચીને મેં ડુંગળી, લસણ, આદુ, બે ત્રણ લીલાં શાકભાજી અને સીઝનનાં ફળો લીધાં. એક બે જગ્યાએ ભાવ પુછતો પુછતો હું એક વૃદ્ધ વ્યક્તિની દુકાને પહોંચ્યો. હું તેની દુકાનમાં સફરજન, કેળાં,ચીકુ વગેરે જોતો હતો ત્યારે એ વૃદ્ધ માણસ બરાબર નજર ફેરવી એકીનજરે મને જોઈ રહ્યો હતો.

મેં પુછ્યું, શું વાત છે ?પણ તેમની તંદ્ર તુટી નહીં. એ તો મને એમ જ જોતા રહ્યા. થોડીવાર પછી મેં જરા ઉંચા અવાજે ફરી પુછ્યું વાત શું છે ?ત્યારે તેમની આંખો છલકાઈ ઉઠી જેને લુંછતાં બોલ્યા, બેટા કંઈ નહીં.. સાહેબ કંઈ નહીં..

મેં કહ્યું ના કંઈક તો છે નહીંતર આમ..

આમ તો આ શાકમાર્કેટમાં મેં તમને આ પહેલાં કયારેય જોયા નથી.

સાહેબ કઈ રીતે જુઓ ? અમારે પહેલાં શાકભાજીનો હોલસેલનો વેપાર હતો.

તો પછી અહીં આવીને આ છુટક વેપાર કરવા કેમ બેસી ગયા ? મેં પુછ્યું.

સાહેબ એ બહુ દુઃખદ વાત છે. અરે વાત કયાં હકીકત છે. આંખમાં આવેલ આંસુઓ સાથે વૃદ્ધે કહ્યું.

શું છે દુઃખદ વાત ? કઈ હકીકતની વાત કરો છો ?

બેટા.. સાહેબ હોલસેલ માર્કેટમાં મેં મારો દિકરો ખોયો છે..

દિકરો ખોયો.. મેં પુછ્યું.?

હા સાહેબ મારો એકનો એક દિકરો મારી આંખોનું રતન ઘરડા બાપનો સહારો બે છોકરાં અને વહુને મુકીને આ દુનિયા છોડી ચાલ્યો ગયો.. પણ એવું થયું કઈ રીતે ? બન્યું હતું એવું કે સાંજે એ માર્કેટથી બાઈક લઈને આવતો હતો. રસ્તામાં તેને પોલીસે રોકયો. તેની સાથે રકઝક ચાલતી હતી. ત્યાં હાથમાં હથિયારો લઈ બસો ત્રણસો માણસોનું ટોળું ત્યાં ધસી આવ્યું. પોલીસો તેમના પર લાઠીઓ વરસાવા લાગ્યા, મારો દિકરો ભાગવા ગયો પણ તેને ટોળાંએ ઝડપી લીધો તેની મોટર સાયકલને આગ ચાંપી દીધી પરીસ્થિતિ વણસી ગઈ હતી. નજરે જોનારે કહ્યું કે તમારો દિકરો ટોળામાંથી બહાર તો નીકળી ગયેલો પણ અચાનક ગોળીબાર થયો અને બંદુકની એક ગોળી સનન.. કરતી ધડાકા સાથે આવીને તેની છાતીમાં ઘુસી ગઈ. લોહીલુહાણ હાલતમાં એ બુમો પાડતો રહ્યો. ઝપાઝપી, દેકારો અને નાસભાગમાં તેના તરફ જોવાની કોઈને ફુરસત નહોતી.

આ બનાવ કયાં બનેલો ?

જથ્થાબંધ શાકમાર્કેટના દરવાજા પાસે જ.. હું ત્યાં પહોચ્યો ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. શાકભાજી વેચવા આવનાર એક ટેમ્પાવાળાએ મદદ કરી એટલે મેં તેને હોસ્પિટલે પહોંચાડયો પણ ડોકટરે તેને મૃત જાહેર કર્યો.

તમારા દિકરાનું નામ કિશન હતું ? હા સાહેબ પણ તમને કયાંથી ખબર ? તેણે પુછ્યું. **અનુસંધાન પાના નં.૬ ઉપર**